વર્ષ પ્રથમ   અંક ચોથો

શ્રી જૈન સત્ય-પ્રકાશ.

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ

પ્રકાશક
શ્રી જૈનધર્મ
સત્યપ્રકાશક સમિતિ
C/o પાંજરાપોળ
અમદાવાદ.
(ગુજરાત)

भगवान् महावीर !!!

निगन्ठ जिनितिनि जलेर व्यवहार संबन्धे अत्यंत संयमी ओ सावधानी तिनि अन्याय ओ अधर्म हईते निजिके सयमे राखेन. सकल अधर्म, अन्याय तिनि धूईया मूछिया फेलिया छेन एवं सकल पाप ओ अधर्मके दूरीभूत करिया छेन।

નિર્ગ્રન્થ જ્ઞાતપુત્ર પ્રત્યેક જલ--વ્યવહારના પ્રસંગે બહુ સંયમી અને સાવધાન હતા. તેઓ અન્યાય તથા અધર્મથી પોતાને રોકી રાખતા હતા. તેણે દરેક અધર્મ અન્યાયને ધોઈ નાખ્યો હતો તેમજ સમસ્ત પાપ તથા અધર્મને દૂર કર્યા હતા.

(બૌદ્ધ શાસ્ત્ર–સુમંગલવિલાસિની ટીકા)

ડૉ૦ શ્રી વિમલાચરણલાહા
M–A, B–L, PH–D.

મંગલાચરણ — પ્રાચીન
દિગમ્બરોની ઉત્પત્તિ — આ૦ સાગરાનંદ સૂરીશ્વરજી
સમીક્ષાભ્રમાવિષ્કરણ — ઉ૦ લાવણ્યવિજયજી મહારાજ
સંતબાલ વિચારણા — આ૦ શ્રી વિજયલબ્ધિ સૂરિજી
दिगम्बर शास्त्र कैसे बने — મુનિ દર્શનવિજય
મથુરા કલ્પ — મુનિ ન્યાયવિજય
તેરમા સૈકાની એક જિનમૂર્તિના પબાસન ઉપરનો લેખ — સારાભાઈ નવાબ

વાર્ષિક લવાજમ રૂ. ૨   સ્થાનિક રૂ. ૧॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાંચકોને

આવતો અંક જોઈએ તો ધ્યાન આપો.

વી૦ પી૦ સ્વીકારજો.

અમોને અત્યાર સુધીમાં જે જે મહાનુભાવોએ કાયમી ગ્રાહક બની રહેવા માટે જણાવ્યું છે તેઓને આવતો અંક વી. પી. થી મોકલવામાં આવશે; તે સ્વીકારી લ્યે.

તુરત લખી જણાવો.

જે જે વાંચકો આ માસિકના ગ્રાહક રહેવા ઇચ્છે છે તેમણે કાર્તિક વદી ૦)) સુધીમાં અમોને ખબર આપવી તોજ તેને આગામી અંક મોકલાશે.

આ રીતે ખબર ન આપનારને આગામી અંક મોકલાશે નહીં, માટે તુરત લખી જણાવવું.

ભેટ

પૂજ્ય મુનિવર્યમાં જેઓ આચાર્ય ઉપાધ્યાય પન્યાસ ગણિ કે પ્રવર્તક પદથી વિભૂષિત છે તેઓને આ માસિક ચાલુ સાલમાં વિના લવાજમે આપવાનું છે. તો તે રીતે ગ્રાહક રહેવા ઈચ્છનારે તુરત અમોને જણાવવું. સાથે સાથે પોતાના વિહારનું શીરનામું પણ શુદિ ૫ પહેલાં અમોને મળે તેમ જણાવતા રહેવું.

સહકાર આપો.

પૂજ્ય મુનિવર્યો પોતાના વિહારમાં આ માસિકના નવા ગ્રાહકો વધે તેમ ઉપદેશ આપવા કૃપા કરે.

શ્રાવકો પણ પોતાના કુટુંબી તથા મિત્રોને આ માસિકના ગ્રાહક થવા વાંચવા પ્રેરણા કરે.

સહાયક બનો.

એક સાથે રૂપૈયા ૫૧ કે તેથી અધિક રકમ આપી કોઇપણ ભાગ્યશાળી આ માસિકના સહાયક બની શકે છે.

વિજ્ઞપ્તિ

આ અંકના મુખ પૃષ્ટ પર બે હજાર વર્ષના સમયની ચિત્રકળાનો ભાવવાહી સ્કેચ આપવાનો હતો જે બ્લોક તૈયાર નહિ થવાથી આ અંકમાં આપી શકયા નથી.

દિવાળીના તહેવારોને અંગે આ અંક સહેજ વિલંબે બહાર પડયો છે.

મુદ્રક. કાન્તિલાલ વાડીલાલ પરીખ, ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ, પાનકોરનાકા—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स
सिरि रायनयरमज्झे संमीलिय सव्वसाहुसंमइयं
पत्तं मासियमेयं, भव्वाणं मग्गयं विसयं ॥ २ ॥

શ્રી જૈન સત્ય પ્રકાશ

પુસ્તક ૧ અંક ૪

अण्णाणग्गहदोसगत्थमइणा कुव्वंति जे धम्मिष,
अक्खेवे खलु तेसिमागमगयं दाउं विसिट्ठोत्तरं ॥
सोउं तित्थयरागमत्थविसए चे मेऽहिलासा तया
वाइज्जा एवरं पसिद्धजईणं सच्चप्पयासंमुदा ॥ १ ॥

વિક્રમ સંવત ૧૯૯૨ વીર સંવત ૨૪૬૨ સને ૧૯૩૫
કાર્તિક શુકલાપંચમી

अष्टाविंशतिभेदभिन्न गदितं, ज्ञानं शुभाद्य मतिः
सप्रज्ञाभिनिबोधिकश्रुतनिधेर्हेतुश्चबुद्धिप्रभे ।
पर्यायाः प्रथिता इमे बहुविधा ज्ञानस्य चैकार्थिनः
सम्यग्दर्शनसत्कमाप्तकथितं वन्दामि तद्भावतः ॥ १ ॥

अन्यज्ज्ञानचतुष्टयं स्वविषयं नैवाऽभिधातुं क्षमं
श्रीमत्केवलिनोऽपि वर्णनिकरज्ञानेन तत्त्वं जगुः
स्पष्टं स्वात्मपरप्रबोधनविधौ, सम्यक्छ्रुतं सूर्यवत्
भेदाः पूर्व(१४)मिताः श्रुतस्य गणिभिर्वन्द्याः स्तुवे तान्मुदा॥२॥

अल्पं तत्पनकावगाहनसमं चासङ्ख्यलोकाभ्रगं
ज्ञानं स्यादवधेश्च रूपिविषयं, सम्यग्दृशां तच्छुभम् ॥३॥

साधूनामप्रमादतो गुणवतां तुर्यं मनःपर्यवं
ज्ञानं तद्द्विविधं त्वनिन्द्रियभवं तत्स्वात्मकं देहिनाम्
चेतोद्रव्यविशेषवस्तुविषयं, द्वीपे च साधद्विके
सकृज्ज्ञानगुणान्वितान् व्रतधरान् वन्दे सुयोगैर्मुदा ॥ ४ ॥

निर्भेदं विशदं करामलकवज्ज्ञेयं परिच्छेदकं
लोकालोकविभासकं, चरमंचिन्नान्त्यं व्रजेत्स्वात्मतः ॥
निद्रास्वप्नसुजागरातिगदशं तुर्यां दशां संगतं
वन्दे कार्तिकपञ्चमी श्रुतदिने सौभाग्यलक्ष्म्यास्पदम् ॥५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિગમ્બરોની ઉત્પત્તિ

દિગંબરોની ઉત્પત્તિની સાલનો સ્ફોટ

લે. આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદ સૂરિજી મહારાજ.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજના શાસનમાં મહાવીર ભગવાનના નિર્વાણ પછી છસેં નવ વર્ષે દિગમ્બરો શાસનના બારે પ્રકારના સંભોગથી દૂર થયેલા છે. જો કે દિગંબરોના 'દર્શનસાર'ની અંદર તેના કર્ત્તા દેવસેન વિક્રમ સંવત ૧૩૬માં શ્વેતાંબરોનો મત ઉત્પન્ન થયો અને તે વલ્લભીપુરમાં ઉત્પન્ન થયો એમ જણાવે છે, તો તે 'દર્શનસાર'ની અપેક્ષાએ વિક્રમ સંવતની શરૂઆત વીર મહારાજાના નિર્વાણ પછી ૪૭૦ વર્ષ ગયા પછી થએલી હોવાથી ૪૭૦ + ૧૩૬ અર્થાત્ વિક્રમનું વીર મહારાજ વચ્ચેનું આંતરૂં અને દેવસેને કહેલા વર્ષની સંખ્યા બંને એકઠા કરવાથી ૬૦૬ વર્ષ થાય છે, એટલે દિગંબર અને શ્વેતાંબરના જુદા પડવાપણામાં વર્ષની સંખ્યા લગભગ મળતીજ આવે છે, પણ બારીક દૃષ્ટિથી અવલોકન કરનારો જોઇ શકશે કે જો શ્વેતાંબરોએ દિગંબરોની ઉત્પત્તિ કલ્પિત રીતે કહી હોત તો તેઓ દિગંબરના કલ્પેલા ૬૦૬ વર્ષ કરતાં ઘણીજ પહેલાંની કે ઘણીજ પાછળની વર્ષ સંખ્યા બતાવત, પણ શ્વેતાંબરોએ દિગંબરોની ઉત્પત્તિ કલ્પિત રીતિએ નથી કહેલી, પણ વાસ્તવિક રીતે ૬૦૯ વીર વર્ષની જે સંખ્યા હતી તેજ જણાવેલી છે, અને તે ૬૦૯ ને દેખીનેજ દિગંબરોએ વીર મહારાજના વર્ષની સંખ્યા પણ ન લીધી અને શ્વેતાંબરોએ કહેલી ભિન્નતા કરતાં ત્રણ વર્ષ પહેલાં ભિન્નતા જાહેર કરી. બીજું એ પણ વિચારવાનું છે કે વીરશાસનમાં પડેલો ભેદ જણાવતાં વીરશાસનનોજ સંવત જણાવવો જોઇએ, છતાં તે વીરશાસનનો સંવત ન જણાવતાં વિક્રમસંવતની સંખ્યા જે જણાવવામાં આવી તેજ જણાવે છે કે તે દિગંબરોએ માત્ર વિક્રમની સંવત સંખ્યાને માનનારા લોકોના મગજને ભરમાવવા માટેજ તે વિક્રમની સંખ્યા મેલેલી છે. વળી જૈનશાસનના ઇતિહાસને જાણનારાઓથી એ વાત અજાણી નથી કે વીર મહારાજની સાતમી સદીમાં વીર મહારાજના શાસનનું કેન્દ્ર ઉજ્જેની અને પાટલિપુત્રની વચ્ચેજ હતું.

દિગંબરોની ઉત્પતિનું સ્થાન

અને તેથી વીરમહારાજના ૬૦૯ વર્ષે દિગંબરોની જે ઉત્પત્તિ શ્વેતાંબરોએ તે મધ્યહિંદુસ્તાનમાં જણાવેલી છે તેજ વ્યાજબી ઠરી શકે. ધ્યાન રાખવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જરૂર છે કે જૈનધર્મનું કેન્દ્ર કાઠિયાવાડમાં નવમી અને દશમી સદીમાંજ મલ્લવાદીજી પછીજ થએલું છે.

વલ્લભીપુરમાં શ્વેતાંબરોની ઉત્પત્તિ કહેવી તે અસત્ય કેમ

ઈતિહાસ સાફ સાફ જણાવે છે કે મલ્લવાદીજીના બાલ્યકાળમાં વલ્લભીપુર કે જે કાઠિયાવાડનું મુખ્ય સ્થાન હતું તેમાં કેવળ બૌદ્ધોનોજ પ્રચાર હતો. મલ્લવાદીજીની માતા કેવળ મહારાજાની બ્હેન હોવાને લીધેજ જૈનધર્મને પાળી શકતી હતી અને તે માતાને એકલી જૈન ધર્મની ક્રિયા કરતી દેખીનેજ મલ્લવાદીજીને સમગ્ર લોકોની ધર્મક્રિયાથી ભિન્ન ધર્મક્રિયા લાગતાંજ ધર્મક્રિયા સંબંધી પ્રશ્ન કરવાની જરૂર પડી, કે તું આ સર્વ લોકો કરતાં ભિન્ન ધર્મક્રિયા કેમ પાળે છે ? આ ઉપરથી મલ્લવાદીજીએ બૌદ્ધોને કાઠિયાવાડમાંથી કાઢવાની પ્રતિજ્ઞા કરી અને તે મહાપુરૂષ તે પ્રતિજ્ઞા પાળવામાં ફતેહમંદ થયા, અને તેથી બૌદ્ધોને કાઠિયાવાડ છોડી દેવું પડયું અને ત્યારપછી સાતમા આઠમા શતકથીજ કાઠિયાવાડમાં જૈનધર્મની જાહોજલાલી ચાલવા માંડી. વળી એ પણ વાત ઇતિહાસ જણાવે છે કે વજ્રસ્વામીજી મહારાજ કે જેઓ વીર મહારાજની છઠ્ઠી શતાબ્દિમાં કાલ પામી ગયા તેઓ અને આર્યરક્ષિતસૂરિજી કે જેઓ અપૃથક્ત્વ અનુયોગના પ્રવર્તક છે, અને ત્યાંજ ઘણું વિચરેલા છે, અને ભગવાન વજ્રસ્વામીની વખતે કાઠિયાવાડમાં લોકોનું આલંબન તો શું પણ સામાન્ય દેવતાઇ પ્રવાહ પણ જૈનોને માટે એટલો બધો પ્રતિકૂળ હશે કે જેથી શાશ્વતગિરિ તરીકે મનાએલા શ્રીસિદ્ધાચલજી કે જે વલ્લભીપુર એટલે વળાની ઘણીજ નજીકમાં છે, તેની ઉપર પ્રતિમાજી પધરાવવામાં પણ દેવતાઈ ઉપદ્રવનો પાર રહ્યો ન હતો. વળી વલ્લભીપુરની જાહોજલાલીનો ઇતિહાસજ વીર મહારાજની સાતમી સદી કરતાં ઘણોજ પાછળથી શરૂ થાય છે, અને આ વાત વલ્લભીપુરના સિક્કા વિગેરેથી શોધખોળ કરનારાઓએ સ્પષ્ટપણે જાહેર રીતે જણાવી દીધેલી છે. માટે ભગવાન મહાવીર મહારાજની સાતમી સદીમાં વલ્લભીપુરમાં શ્વેતાંબરોની ઉત્પત્તિ થઇ એ કથા વ્યાજબી ઠરી શકે તેમ નથી, પણ શ્વેતાંબરોની જે ઉત્પત્તિ હિંદુસ્તાનના મધ્ય ભાગમાં આવેલા રથવીરપુર નગરથી કહે છે તે દેશમાં તે વખતે જૈન ધર્મનું કેન્દ્ર હોવાથી ઠરી શકે છે.

રથવીરપુર, દિગંબરોનું ભિન્નત્વ અને તેની સત્યતા

વળી શ્વેતાંબરો સાતમી સદીમાં મધ્યહિંદુસ્તાનના રથવીરપુર શહેરથી થએલી ઉત્પત્તિ જે જણાવે છે તે જેમ ઇતિહાસની અપેક્ષાએ ક્ષેત્રસંગત છે.

મત કહાડનારનું નામ કેમ નહિ ?

તેવીજ રીતે શ્વેતાંબરો દિગંબરોના આદ્યપ્રવર્તક પુરૂષનું નામ શિવભૂતિ અને તેના શૌર્યની અપેક્ષાએ સહસ્રમલ્લ કે જેઓ કોડિન્ય (કુન્દકુન્દ) ના ગુરૂ હતા, તેમનાથી જાહેર રીતે જણાવે છે. જ્યારે દેવસેન પોતાના કરેલા દર્શનસાર'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાસ્ત્રમાં વલ્લભીપુરમાં શ્વેતાંબરોની ઉત્પત્તિ વિક્રમ ૧૩૬ (વીર સંવત ૬૦૬) માં જણાવતાં કોઈ પણ આચાર્યનો કે જે શ્વેતાંબરમતને ઉત્પન્ન કરનારા હોય તેના નામનો ઉલ્લેખ કરતા નથી.

દિગંબરોને શ્વેતાંબરોની કલ્પિત ઉત્પત્તિ કેમ કહેવી પડી !

હવે વિચાર કરવાની જરૂર છે કે જેને શ્વેતાંબરોની ઉત્પત્તિનું સ્થાન અને સંવત માલમ પડે અને તેનો ઉલ્લેખ કરવાનો વખત આવ્યો ત્યારે તે મતના ઉત્પાદકનું નામ ન જાણે અને તેનો ઉલ્લેખ ન કરી શકે તેવા મનુષ્યને બીજાનું અનુકરણ કરીને કપોલ કલ્પિત કથન કરનારો કહેવો પડે કે નહિ ?

દિગંબરોની પરંપરા ચલાવનાર

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે શ્વેતાંબરોએ એકલા દિગંબરમતના પ્રવર્તાવનારના નામનોજ ઉલ્લેખ કર્યો છે એમ નહિ, પણ તેની પરંપરાને ચલાવનાર, તેના આદ્ય બે શિષ્યોના નામનો પણ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે; એટલે કૌડિન્ય (કુન્દકુન્દ) અને કોટ્ટવીર દિગંબરોની પરંપરાને પ્રવર્તાવનારા છે એમ ચોકખું જણાવ્યું છે, જ્યારે દિગંબરોએ શ્વેતાંબરમતને ઉત્પન્ન કરનાર આચાર્યનું નામ લખ્યું નથી, તેમજ તેની પરંપરા કયાંથી શરૂ થઇ, એ પરંપરા શરૂ કરનારનું નામનિશાન પણ આપ્યું નથી.

કલ્પનાથી શ્વેતાંબરોને નવા કેમ કહેવા પડયા ?

આ ઉપરથી બારીક દૃષ્ટિએ જોનારને સહેજે માલમ પડશે કે સાતમી સદી પછી જ્યારે કાઠિયાવાડમાં જૈનોનું કેન્દ્ર થયું અને દિગંબરોનો પ્રચાર દક્ષિણ તરફ કે જ્યાં માત્ર સંપ્રતિ મહારાજની વખતે ધર્મનો પ્રચાર હતો, ત્યાં એક ભાગમાં જવાનું થયા પછી જ્યારે શ્વેતાંબરો તરફથી તેમના મતને જૈનશાસનથી બહાર હોવાનો પોકાર જાહેર થયો, ત્યારેજ તે દિગંબરોને તે સત્ય પોકારના પ્રત્યાઘાત તરીકે વિક્રમની બીજી સદીમાં કાઠિયાવાડના વલ્લભીપુરમાં શ્વેતાંબરોની ઉત્પત્તિ કહેવી પડી, પણ તેઓ ઘણે દૂર કાળે અને દૂર ક્ષેત્રે રહીને કલ્પિત રીતે શ્વેતાંબરની ઉત્પત્તિ કહેવાવાળા હોવાથીજ શ્વેતાંબરમતને ઉત્પન્ન કરનાર આચાર્યનું નામ કહી કે લખી શકયા નહિ.

ઉપધિ–ઉપકરણનો નિષેધ કરનાર કુન્દ કુન્દ

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે વર્તમાન કાળમાં વર્તતા દિગંબરસાહિત્યમાં સાધુને ઉપધિ નહિ રાખવાનો મૂળથી ઉપદેશ શરૂ થતો હોય તો તે કુન્દકુન્દાચાર્યના 'દર્શનપ્રાભૃત' વિગેરે ગ્રંથોની પછીનોજ છે, અર્થાત કહેવું જોઈએ કે કુન્દકુન્દાચાર્ય કે જે શિવભૂતિના મુખ્ય અને પ્રથમ શિષ્ય હતા, તેણેજ સંયમસાધન ઉપધિનું ખંડન કરવાની શરૂઆત કરી, અને ત્યાંથીજ તે દિગંબરમતની જડ પેઠી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિગંબરોએ જણાવેલ કારણની કલ્પિતતા

વળી દિગંબરો શ્વેતાંબરોની ઉત્પત્તિ માટે જે કારણ જણાવે છે તે કેવળ કલ્પિત અને બાળકોને પણ હસવા જેવું લાગે છે. દિગંબરો જણાવે છે કે " વિક્રમની ૧૩૬ એટલે વીર મહારાજની ૬૦૬ ની સાલમાં વલ્લભીપુર અર્થાત્ કાઠિયાવાડમાં દુષ્કાળ પડયો એટલે શ્વેતાંબરોથી નગ્નપણે ન રહેવાયું અને તે કારણથી શ્વેતાંબરોએ વસ્ત્ર ધારણ કર્યા" આ સ્થળે સામાન્ય મનુષ્ય પણ વિચાર કરી શકે તેમ છે કે દુષ્કાળનું ભયંકર પણું હોય ત્યાં વસ્ત્રવાળાને વસ્ત્ર છોડીને નાગા થવાનો વખત આવે કે વસ્ત્ર ન ધારણ કરતા હોય તે વસ્ત્ર ધારણ કરતા થાય ? બાળકો પણ સમજી શકે તેમ છે કે અનાજ પ્રાપ્તિની દુર્લભતાને વખતે ભૂખે મરતા મનુષ્યો વસ્ત્ર ધારણ કરતા હોય તો પણ વસ્ત્ર વગરના થાય, પણ દુષ્કાળને લીધે વસ્ત્રોનું ધારણ કરવાનું કહેવું, એ તો કોઇ પણ અક્કલવાળાથી બની શકે નહિ.

मूलं नास्ति कुतः शाखा ?

વળી વિક્રમ સંવત ૧૩૬ માં એટલે કે વીર સંવત ૬૦૬ માં કાઠિયાવાડમાં એવો ભયંકર દુષ્કાળ પડયો હતો કે જેમાં નાગાઓને નાગા છતાં વસ્ત્ર ધારણ કરવાં પડયાં એવો કોઇ પણ ઇતિહાસ પુરાવો આપતો નથી. અર્થાત્ આ બધા ઉપરથી દિગંબરોએ શ્વેતાંબરને માટે કહેલી ઉત્પત્તિ સર્વથા ઘડી કાઢેલીજ કલ્પિત છે એમ તેમણે જણાવેલા દુષ્કાળના કારણથી પણ સ્પષ્ટ થાય છે.

દિગંબરની શાસન બાહ્યતા જણાવનાર શ્વેતાંબર શાસ્ત્રોનો સમૂહ અને તેની એકવાક્યતા

શ્વેતાંબરોએ દિગંબરોની જે ઉત્પત્તિનું કારણ જણાવ્યું છે, તે શ્વેતાંબરોએ જણાવેલા કાળ અને ક્ષેત્રની સત્યતાની માફક ખરેખર સત્ય ઠરી શકે છે શ્વેતાંબરો પોતાના સર્વ શાસ્ત્રોમાં જ્યાં જ્યાં દિગંબરની ઉત્પત્તિ જણાવે છે ત્યાં ત્યાં એક સરખોજ ક્ષેત્ર, કાલ અને કારણનો સદ્ભાવ જણાવે છે. દિગંબરોના દેવસેનના રચેલા 'દર્શનસાર' સિવાયના કોઇ પણ શાસ્ત્રમાં વિક્રમ સંવત ૧૩૬ માં દુષ્કાળ પડવાથી વલ્લભીપુરમાં શ્વેતાંબરમત ઉત્પન્ન થયો તેવો લેખ નથી, અને 'દર્શનસાર 'ના કર્તા દેવસેન સાતમી સદીમાં તોશું પણ વીર મહારાજની બારમી તેરમી સદીથી પણ પછી થએલા છે, એટલે કહેવું જોઇએ કે શ્વેતાંબરના પોકારથી બળેલા દેવસેનને તે ખોટી ઉત્પત્તિ લખવાની ફરજ પડી. શ્વેતાંબરોમાં <u>આવશ્યક નિર્યુક્તિ</u>, <u>ઉત્તરાધ્યયન નિર્યુક્તિ</u>, <u>વિશેષાવશ્યકભાષ્ય</u> અને તેની <u>ચૂર્ણિઓ</u>, <u>વૃત્તિઓ વિગેરે કોડી સ્થાનોમાં</u> દિગંબરોની ઉત્પત્તિ આપવામાં આવી છે, અને તે સર્વ સ્થાને ક્ષેત્ર, કાળ અને કારણો એક સરખાંજ આપવામાં આવેલાં છે, અને તે ગ્રન્થો દેવસેન કરતાં પણ ઘણા ઘણા પહેલાના રચાયેલા તથા પુસ્તકારૂઢ થએલા છે, અને દેવસેનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપેક્ષાએ જો પોતે નવીજ કલ્પના કરી હોય, પહેલાંના કોઈએ તે કલ્પના ન કરી હોય, તો તો એમ કહેવું જોઇએ કે બારમી તેરમી સદી પછી અત્યંત અકળાઈને દેવસેને ગપ ચલાવી કે જે ગપ ઉપર જણાવેલા શ્વેતાંબરોના શાસ્ત્રોની રચના કરતાં ઘણીજ પાછળની ગણાય.

દિગંબર મતને ઉત્પન્ન થવાનું કહેનારા મધ્યસ્થ તે સત્ય કેમ ?

શ્વેતાંબર શાસ્ત્રોમાં દિગંબરની ઉત્પત્તિનું જે કારણ જણાવવામાં આવે છે તે તત્વજ્ઞ પુરૂષોને " દિગંબરોને વસ્ત્ર છોડવામાં યોગ્ય કારણ છે " એમ માલમ પડયા સિવાય રહેશે નહિ. પ્રથમ તો શ્વેતાંબરના સર્વ શાસ્ત્રો દિગંબરમતના આદ્ય પ્રવર્તકને ઘણોજ શૂરવીર યોદ્ધો હોય તેમ જણાવે છે, એટલું જ નહિ પણ તેને રથવીરપુરના રાજાનો ઘણોજ માનીતો સરદાર હતો એમ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે. જો શ્વેતાંબરોએ દિગંબરોની ઉત્પત્તિ કલ્પિત રીતે કહી હોત તો પ્રથમ તેઓ આ ઇતિહાસ જણાવત જ નહિ, અને પરસ્પરની દ્વેષબુદ્ધિની લાગણી પ્રસર્યા પછી જો આ હકીકત કહેવામાં આવી હોત તો દિગંબરમતના આદ્ય પ્રવર્તકને શૂરવીર યોદ્ધા અને રાજાના માનીતા સરદાર તરીકે જણાવત જ નહિ, પણ જૈન શ્વેતાંબરશાસ્ત્રોમાં શૂરવીર યોદ્ધા તરીકે કે રાજાના માનીતા સરદાર તરીકે સર્વત્ર જે એક સરખી રીતે સ્થિતિ જણાવવામાં આવી છે તેજ જણાવે છે કે આ હકીકતનું લખાણ ઘણા કાળ પછી કે દ્વેષબુદ્ધિથી થએલું નથી. વળી સર્વ શ્વેતાંબરશાસ્ત્રોમાં તે સહસ્રમલ્લ(શિવભૂતિ) નું નિરંકુશ વર્તન ગૃહસ્થપણામાં જણાવવામાં આવ્યું છે, તે તેની યોદ્ધાપણાની પરિણતિ અને રાજમાનીતાપણાને અંગે અણુઘટતું છે એમ કોઇપણ મનુષ્યથી કહી શકાય તેમ નથી.

શિવભૂતિ ઉપર રથવીરપુરના રાજાનો રાગ

વળી શ્વેતાંબરશાસ્ત્રો સર્વ એકી અવાજે એમ કબુલ કરે છે કે તે રથવીરપુરના રાજાનો રાગ શિવભૂતિ ઉપર દીક્ષા લીધા પછી પણ ઘણો જ અને ઘણોજ રહેલો છે. જો દ્વેષબુદ્ધિથી આ કથા લખવામાં આવી હોત કે કલ્પનાથી ખડી કરીને એ ઉત્પત્તિની કથા લખવામાં આવી હોત તો રથવીરપુરના રાજાને શિવભૂતિના ગુરુ મહારાજ ઉપર રાગવાળો ન ઠરાવ્યો કે જેઓ દિગંબરને શાસનથી બહાર કરવાવાળા હતા, પણ શિવભૂતિ કે જે ખુદ નવો મત કાઢનારો હતો તેના અંગત રાગી તરીકે રથવીરપુરના રાજાને જણાવ્યો તે જણાવત નહિ. વળી શ્વેતાંબર સર્વશાસ્ત્રો રથવીરપુરના રાજાને શિવભુતિનો એટલો બધો રાગી જણાવે છે કે જેને અંગે રથવીરપુરના રાજાએ રત્નકંબલ સરખી મોંઘી ચીજ તે શિવભૂતિને વહોરાવી.

રથવીરપુરના રાજાનું જૈનધર્મ પ્રત્યે અજ્ઞાન.

આ સ્થળે એટલી વાત તો સ્પષ્ટજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે કે રથવીરપુરનો રાજા જૈનધર્મને જાણનારો કે માનનારો હતો નહિ. પણ ફક્ત શિવભૂતિના પ્રેમનેજ જાણનારો હતો, અને તેથી સાધુઓને નહિ કલ્પતું રત્નકંબલ દેવાને તૈયાર થયો અને તે પણ શિવભૂતિને દેવા તૈયાર થયો, નહિ કે તેમના ગુરુ મહારાજ કે જેઓ આચાર્ય હતા તેમને આવી રીતે જૈન ધર્મનો અજાણ્યો અને કેવળ શિવભૂતિ ઉપર સ્નેહરાગ ધરનારો રાજા નિર્ગ્રંથોને નહિ ખપતું એવું રત્નકંબલ શિવભૂતિને આપે તેમાં કાંઈજ આશ્ચર્ય નથી.

રત્નકંબલ ઉપર શિવભુતિની મૂર્છા

વળી સર્વશાસ્ત્રોમાં એ પણ એક સરખી રીતે અને સત્યપણે લખાયું છે કે તે રત્નકંબલ ઉપર શિવભૂતિને ઘણીજ મૂર્ચ્છા થઈ. સ્વાભાવિક રીતે એ સંભવિત છે કે જેવી વસ્તુ બીજા સાધુઓ વાપરતા ન હોય અને તે વસ્તુ પોતાને મળે અને તેમાં પણ રાજા તરફથી, રાજાએ ભક્તિ તરીકે અપૂર્વ ચીજ આપેલી હોય અને તે ગ્રહણ થઈ હોય તો તે ચીજ શિષ્યની વિનયવૃત્તિને છોડીને સ્વતંત્રપણે રાખવાનું મન થાય અને તેવી રીતે આવેલી તેવી અપૂર્વ ચીજમાં અવિહડપણે રાગ રહે. આ સ્વભાવને જ્યારે વિચારીએ ત્યારે શ્વેતાંબરશાસ્ત્રોમાં સર્વત્ર શિવભૂતિએ તે રત્નકંબલને વીંટીઆમાં રાખ્યું એમ જે કહેવામાં આવે છે તે ઘણુંજ સાચું અને યોગ્ય છે.

શિવભુતિની મમતાનું સ્થાન રત્નકંબલ ને તેનો નાશ

દીક્ષા લેનારો મનુષ્ય જો કે પોતાના આત્માને ભયંકર સંસાર દાવાનળથી બચાવવા માટે તૈયાર થએલો હોય છે, અને તેથી પ્રથમ તો દીક્ષિત થનાર પોતેજ પોતાના પરિણામથી કર્મબંધના કારણોથી દૂર રહે છે, અને તેથી માયા મમતાને કરતો નથી, પણ ક્ષાયોપશમિક ભાવમાં રહેલો આત્મા તે પરિણુતિ સતત અંશે કર્મના ઉદયને લીધે ટકાવી શકે નહિ, અને જે વખતે તે પરિણુતિ ફરે તેવી વખત અશુભ આલંબનો કદાચિત જો મળી જાય છે તો જીવોનું પતન થઈ જાય છે, પણ તેવી વખતે ગુરુમહારાજા કે જેઓનું આલંબન તે ભવ્ય જીવો સંસાર સમુદ્રથી તરવાને લીધેલું હોય છે તે ગુરુમહારાજની ફરજ આવી પડે છે કે તે સંસાર સમુદ્રથી તરવાને શરણે આવેલા ભવ્ય જીવને જે અશુભ આલંબન મળેલું હોય તે દૂર કરાવે, અને તે ભવ્યાત્માના પરિણામને ઔદયિક ભાવથી હઠાવીને ક્ષાયોપશમિક ભાવમાં લાવે. જો કે મુખ્યતાએતો ગુરુમહારાજનું ધ્યેય તે શિષ્યના પરિણામજ સુધારવાનું હોય છે, પણ કર્મવશવર્તી સર્વ આત્માઓ આલંબનને આધીન હોવાથી ગુરુમહારાજની ફરજ પ્રથમ તે અશુભ આલંબન દૂર કરવાની રહે છે, અને આ વાત વિચારતાં ઘણીજ યુક્તિયુક્ત માલમ પડશે, કેમકે જિનેશ્વર ભગવાનોએ સાધુ મહાત્માઓને બ્રહ્મચર્ય પરિણુતિનો ઉપદેશ આપતાં સ્ત્રી, પશુ, પંડકવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસતિનો ત્યાગ વિગેરે નવ બ્રહ્મચર્ય ગુપ્તિઓ પાળવાનો ઉપદેશ ઘણાજ જોરથી આપેલો છે, તેવી રીતે અહીં પણ આચાર્ય મહારાજે શિવભૂતિને સંસારસમુદ્રથી તરવાને માટે હસ્તાવલંબ આપેલો હોવાથી તે શિવભૂતિને રત્નકંબલની થએલી મૂર્ચ્છા છોડાવવી અત્યંત વ્યાજબી હતી, અને રાજાએ આપેલા અને તેણે ગ્રહણ કરેલા સાધુને નહિ કલ્પતા એવા રત્નકંબલ કે જે તેની મૂર્ચ્છાનું આલંબન હતું, તેનો નાશ કર્યા સિવાય બીજો રસ્તોજ નહોતો અને તેથી તે શિવભૂતિ ઓશીકામાં બાંધેલી તે રત્નકંબલને વારંવાર જોતો હોવાથી મૂર્છિત થએલો જાણી તે શિવભૂતિની ગેરહાજરીમાં આચાર્ય મહારાજે તે રત્નકંબલના કટકા કર્યા. ને તે કટકાઓ સાધુસમુદાયને વહેંચી દીધા, અને તેના પાદપ્રોંછણો કરાવ્યાં.

શિવભુતિને પ્રગટેલો ક્રોધ દાવાનલ

આ બધું બન્યા પછી શિવભૂતિનું બહારથી ઉપાશ્રયમાં આવવું થયું, અને તે જ્યારે જ્યારે બહારથી આવતા હતા ત્યારે પોતાને અત્યંત વહાલી લાગેલ રત્નકંબલને જોતો હતો, અને આ વખતે તે શિવભૂતિએ ઓશીકું છોડી રત્નકંબલ જોવા પ્રયત્ન કર્યો, તેમાં તે રત્નકંબલ ન મળવાથી મૂર્છિતોના હૃદયને મૂર્ચ્છાનો વિષયનાશ થવાથી જે આઘાત થવો સંભવિત છે તે આઘાત તેને થયો, પણ જ્યારે ત રત્નકંબલને ફાડીને આચાર્ય મહારાજે કડકાઓ સાધુઓને પાદપ્રોંછણ તરીકે આપ્યા છે એમ માલમ પડયું ત્યારે તેનો તે હૃદયનો આઘાત ક્રોધ દાવાનળરૂપે પરિણમ્યો, પણ તે રત્નકંબલ જેવી સાધુને નહિ ખપતી વસ્તુ પોતે સ્વતંત્ર લીધેલી, રાખેલી અને મૂર્ચ્છાનો વિષય કરી દીધેલી હોવાથી તે વખતે તે બાબતમાં તે ક્રોધદાવાનળની જવાળાનો જથો જળહળતો એમને એમ રહ્યા. આ બધો ક્રોધદાવાનળ બીજા કોઇ ઉપર નહિ પણ રત્નકંબલને ફાડનાર આચાર્ય મહારાજ ઉપરજ હતો.

જિન કલ્પના વર્ણનનો પ્રસંગ મળ્યો.

હવે ક્રોધમાં જેમ સ્વાભાવિક રીતે દુનિયામાં બને છે તેમ તે શિવભૂતિ ક્રોધની જ્વાલા પ્રગટાવવા માટે એજ વખત જોઇ રહ્યો હતો, એવામાં આચાર્ય મહારાજ કલ્પસ્થિતિનું નિરૂપણ કરતાં જિનકલ્પીનુ નિરૂપણ કરવા લાગ્યા, અને તે જિનકલ્પના નિરૂપણમાં સ્થવિરકલ્પીને લાયકના ઉપકરણો અને મુખ્યત્વે કંબલનો અભાવ સાંભળી તે શિવભૂતિને ક્રોધદાવાનળની જ્વાળા પ્રગટાવવાનો વખત મળ્યો. સામાન્ય રીતે ક્રોધમાં ચઢેલો મનુષ્ય હિતાહિતને જોઇ શકતો નથી અને રીસમાં ચઢેલો બાળક ખાવાની એક કુપથ્ય વસ્તુ ન મળતાં જેમ બીજી ઇષ્ટ વસ્તુઓ પણ લાત મારી ઢોળી નાખે છે, તેવી રીતે શિવભૂતિ પણ રત્નકંબલના નાશને લીધે સર્વ ઉપકરણ ખસેડવા તૈયાર થયો, વસ્તુતાએ જિનકલ્પનું વર્ણન એ તો તેના ક્રોધને પ્રગટ થવાનું માત્ર આલંબન હતું, વાસ્તવિક રીતિએ તેને કાંઈ જિનકલ્પની મર્યાદા લેવી નહોતી, પણ ગચ્છવાસી તરીકે આચાર્યાદિકે આચરાતો સ્થાવરકલ્પજ તોડવો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંતબાલની વિચારણા
અને
મૂર્તિપૂજા વિધાન

લે. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજ

કોઇપણ સંસ્કૃત જ્ઞાનની દિવ્ય દ્રષ્ટિ મેળવે છે ત્યારે તે ભવભીરૂ તે કુપંથમાં રહી શકતા જ નથી. શ્રીમાન્ (આત્મારામજી મહારાજ) વિજયાનંદ સૂરિજી મહાજ પ્રથમ તે મતના અઠંગ ઉપાસક હતા પણ જ્યારે તેઓશ્રીએ સંસ્કૃત અને પ્રાકૃતના અભ્યાસથી જૈન-સૂત્રોને વાંચવાની લાયકાત મેળવી અને સ્થળે સ્થળે મૂર્તિવિધાનના પાઠો તેમના જોવામાં આવ્યા કે તરતજ તે મતનો ત્યાગ કરી સાચા મૂર્ત્તિસેવાના માર્ગને સ્વીકાર્યો હતો. અને તે સમયે ઢુંઢીયાઓએ તે મહાપુરુષની બાબતમાં પણ અનેક પ્રકારની કલ્પનાઓથી ગંદુ સાહિત્ય રચ્યું હતું. કારણકે જો તેઓ તેમ ન કરે તો તેમના મતના અનુયાયી સમજી જાય કે અહો ! હો ! આવા મહાપુરૂષ જે પંથને છોડી દે છે જરૂર તે પંથ જુઠોજ હોવો જોઇએ. તેમ તેઓ ન માની લે અને પોતાના ખોટા પંથને ન છોડી દે તે હેતુથી અનેક પ્રકારે, ખોટી કલ્પનાઓને બળે કાલ્પનિક સાહિત્ય પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજના વિરૂદ્ધ લખી માર્યું હતું. અને અત્યારે પણ તેમની આદત જેવી અને તેવી કાયમજ છે. અલ્પસમય પહેલાં તેમના સોહનલાલ નામના પૂજ્યે અમૃતસરમાં કાળ કર્યો. તે નિમિતે તેમનું સંક્ષિપ્ત જીવન કથા જૈનપ્રકાશ નામના પત્રમાં બહાર પાડી છે. તેમાં પણ તેઓ તા.૪–૮–૩૫ ના અંકમાં લખે છે કે" "आपके आचार्य कालमें श्री आत्मारामजी-विजयानंदसूरिको श्रद्धा बदल गइथी वह मूर्तिपूजक संप्रदायमें सम्मिलित हो गये थे उस बखत सोहनलालजी महाराजने अटूट उत्साह और परिश्रमसे पंजाब संघकी श्रद्धाको कायम रक्खा"

પાઠક જનો ! આ બધી વાતો ગપેગપ ચુમ્માલસોના જેવી છે. અત્રે વિચારવાનું છે કે આત્મારામજી મહારાજની શ્રદ્ધા શુદ્ધ થયે વર્ષો વ્યતીત થઇ ગયા પછી સોહનલાલજીએ દીક્ષા લીધી છે. મહારાજશ્રીએ ૧૯૩૨ માં તો હજારો પંજાબીઓને શુદ્ધ શ્વેતામ્બર મૂર્તિપૂજક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બનાવી શ્વેતાંબર ધર્મની દીક્ષા સ્વીકારી હતી. અને સોહનલાલજીની દીક્ષા ત્યાર પછી એક વર્ષે એટલે ૧૯૩૩માં થઇ તેમ તેમના જીવનમાં ૨૮-૭-૩૫ ના જૈન પ્રકાશના અંકમાં સાફ લખ્યું છે. અને તેજ અંકમાં ૧૯૫૮ની સાલમાં તેમની પૂજ્ય પદવી-આચાર્યપદ લખ્યું છે. પછી "**आपके आचार्यकालमें विजयानंदसूरिजीकी श्रद्धा बदल गइथी** એમ લખવું એ સત્યથી તદ્દન દૂર હોઇ અજ્ઞાનીઓનેજ ઉઠાં ભણાવવા જેવું છે એમ વાંચક વર્ગ સ્વયં સમજી શકશે. પૂ. આત્મારામજી મહારાજની સાથે સોહનલાલજી બોલી શકે અગર તેમની સચોટ દલીલના રીતસર ઉત્તર આપી શકે એવી તેમનામાં શક્તિજ કયાં હતી! અરે! આત્મારામજી મહારાજ તો દૂર રહો પરંતુ તેમના શિષ્ય તે વખતના શ્રી કમલવિજયજી મહારાજ અને ત્યારપછી વિજય કમળ સૂરીશ્વરજી મહારાજના નામથી તેમનાજ પટ્ટધર તરીકે પ્રસિદ્ધ થયેલા તેમનો અને સોહનલાલજીનો ટાંડા ગામમાં શાસ્ત્રાર્થ નિયત થયો હતો તેમાં પણ તેઓ સભામાં પણ આવી શકવાની હિંમત બતાવી શકયા નહોતા. તો પછી શાસ્ત્રાર્થનું તો પૂછવું જ શું? આ વાતને સવિસ્તર હમણાંજ ટુક સમયમાં બહાર પડનાર શ્રી કમલસૂરિપ્રબંધ નામના પુસ્તકથી જનતા જાણી શકશે. જો કે આ વિષયમાં ઉંડા ઉતરવું એ અસ્થાને છે પરંતુ ભૂતકાળમાં તેમજ વર્તમાન કાળમાં સ્થાનકવાસીઓના અનુયાયીઓ માત્ર કપોલ કલ્પિત પુરાણના બળથી જ જીવે છે એટલું જણાવવાના હેતુથીજ આટલું લખવું પડયું છે.

કાનજીસ્વામીના પરિવર્તનથી પોતાના પંથની ચીડીયાઓ ફડફડી ન જાય તેટલા પુરતુંજ સન્તબાલે આ લોંકાશાહનું લાંબુ ચોડું કલ્પિત પુરાણ પ્રારંભ્યું હોય તો પણ બનવા સંભવ છે. સન્તબાલ કાલ્પનિક પદાર્થ ખડા કરવામાં એક્કા છે એમ તો મારે સ્વીકાર્યા સિવાય છુટકોજ નથી. કેમકે આજ સુધીના ઢુંઢક સમાજના લેખકોમાં કલ્પના પુરાણ બનાવનાર તરીકે સન્તબાલનો નંબર પ્રથમ આવે છે. પરંતુ જેવો અહીં પ્રથમ નંબર આવે છે તેવો માયાજાલનું તુત નભાવતાં અશુભ કર્મોના બંધથી ભોગવાતી વેદનામાં પણ પહેલોજ નંબર આવશે, અને તે સહી શકવું કઠીન છે. છે, આટલુંજ જ્ઞાન સંતબાલમાં કાયમ હોત તો આવી કાલ્પનિક લીલાના બળે સત્ય વસ્તુના ઉપર ઢાંકપીછોડા કરવાની દુષ્ટ બુદ્ધિ જન્મીજ ન હોત. જુઓ, તેમની કલ્પનાનો એક વધુ નાદાર નમુનો તપાસવા જેવો છે. તા. ૧૮-૮-૩૫ ના જૈન પ્રકાશના અંકમાં તેઓ લખે છે કે "એકદા અહિંટવાડા, પાટણ, સુરત વિગેરેના ચાર સંઘ અમદાવાદમાં આવી પુગ્યા હતા. અને ઘણોજ વર્ષાદ થવાથી તેમને ધારવા કરતાં ત્યાં વધુ રોકાવું પડયું. અમદાવાદમાં આવી પુગતાં જ સંઘવીયોને ઘણા વખતની શ્રીલોંકાશાહને જોવાની અને તેમની ચર્ચા સાંભળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાની ઇચ્છા હતી. તે પુર્ણ કરવા માટે પહેલી તકેજ તેઓએ જવાનું શરૂ કરી દીધું હતું. લોંકાશાહ સાથે પહેલી મુલાકાત તો તેમની કુતૂહલથી થઈ હતી. પરંતુ સાધુવર્ગનું શૈથિલ્ય, ચૈત્યવાદ, અને અધિકારવાદના વિષયની લાંબી ચર્ચાઓ પછી જેમ જેમ તેમનું સમાધાન થતું ગયું તેમ તેમ લોંકાશાહ પ્રત્યે તેમનું માન વધતું ગયું. ઉપરના ચારે સંઘના સંઘવીયો નાગજી દલીચંદ, મોતીચંદ શંભુજી, લોંકાશાહના પ્રભાવથી આકર્ષાય છે. અને તેમને પૂજ્ય તરીકે માને છે અને તે સંઘવીની પાછળ બીજો પણ મોટો સંઘ લોંકાશાહ પાસે જાય છે. સંઘ સાથે યાત્રાર્થે નીકળેલા સૂરિસામ્રાટ્ સાધુઓને એવી જ્યારે ખબર મળી ત્યારે તેઓ અંદરો અંદર ખૂબ ધૂંધવાયા. ખુલ્લી રીતે લોંકાશાહની વિરૂદ્ધ બોલી શકે તેવું રહ્યું ન હતું. એટલે તેમણે બ્હાનું શોધી કહ્યું કે સંઘવીયો! સંઘના લોકોને ખરચી માટે હરકત પડશે માટે હવે તો ક્યાં સુધી પડી રહેશો! હવે તો સંઘને ચલાવો. સંઘવીયોએ જવાબ આપ્યો કે મહારાજજી! વરસાદ ઘણો પડયો હોવાથી જીવની ઉત્પત્તિ ખૂબ થઈ ગઈ છે તેમજ કીચડ પણ ઘણો છે માટે હમણા કેમ ચાલી શકાય?" પ્રિયપાઠકો! આથી સંતબાલની લેખ લખવાની ચાલાકીની સારી રીતે ઝાંખી તો થઇ ગઇ હશે. સન્તબાલ એમ કહેવા માગે છે કે મોટા મોટા સંઘવીયોને લોંકાશાહે પલટાવ્યા. પરન્તુ તેમના લેખની ઈમારત એવી કાચા ચણતરવાળી છે કે સામાન્ય મનુષ્ય પણ બુદ્ધિબળ લગાવે તો તે ઈમારત જમીનદોસ્ત બની જાય તેવી છે.

સન્તબાલે લખ્યું છે કે એકદા અર્હટવાડ પાટણ સુરત વિગેરેના ચાર સંઘ અમદાવાદમાં પુગ્યા, મને આશ્ચર્ય થાય છે કે સન્તબાલે અર્હટવાડ, પાટણ અને સુરત એમ ત્રણ નામ લખ્યા તો ચોથું પણ તૈતરવાડ નામ લખી દેવું હતું, વિગેરે શબ્દ લખી એક ચોથા ગામના નામને શામાટે અન્યાય આપ્યો? જ્યારે એમના કાલ્પનિક ભેજામાંથી ઉપજાવી કાઢવુંજ હતું તો પછી ચોથું તૈતરવાડ નામપણ ઉપજાવી શકાત કેમકે તેમનું તરંગી ભેજું સંઘવીના ચાર નામ ઉપજાવી શકયું છે તો ચોથા ગામનું નામ ઉપજાવતાં કેમ અટકયું તે કળી શકાતું નથી. સંઘ લઇને આવનારા સંઘવીઓ પથારો નાંખીને અમદાવાદમાં પડી રહે તે સંભવ બહારની વાત છે. કોઇ પણ સંઘ નીકળે છે તો કોઇપણ ગામમાં એક બે અગર ત્રણ દિવસથી વધારે ઠેરી શકતો નથી એ સૌ કોઈ જાણે છે. એટલે સન્તબાલ ઢુંઢીયાના સાધુ હોવાથી સંઘની વ્યવસ્થાથી અજાણ હોય તે બનવા જોગ છે. અને એટલેજ બનાવટી કહાણી કરતાં પકડાઈ જાય છે. જો લોંકાશાહમાં બહારથી આવેલ સંઘોને બે ત્રણ દિવસની સ્થિતિમાં પલટાવી દેવાની તાકાત હતી તો આખા અમદાવાદને તેઓ સ્થાયી રહેવાથી પલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટાવી શકત અને જો એમ બન્યું હોત તો આજે અમદાવાદમાં સો ઉપર પ્રભુ–મંદિર અને સેંકડો પ્રભુ મૂર્તિઓનાં ત્યાંની સ્થાનીક જૈનપ્રજા હજારોની સંખ્યામાં જે દર્શનામૃતનું પાન મેળવી રહી છે. અને એ અમૃતપાનનો આગન્તુક લાખો યાત્રીકોને લાભ મળી રહ્યો છે તે ઠેકાણે લોંકાશાહનુ વિષ ફરી વળ્યું હોત તો ઘણાઓના ભાવ પ્રાણોનો વિનાશ થઈ ગયો હોત. પરંતુ તેમની પીપુડીને કોઈએ સાંભળીજ નથી. તેથી સિદ્ધ થાય છે કે એક ખૂણામાં રહી લોંકાશાહે થોડું ઘણું ખોદાણુ કર્યું હશે અને તેવું ખોદાણુ તો ઉંદરો પણ કરે છે. એટલે સમાજ ઉપર તેની કાંઇ અસર ન હતી. આથી પણ સંઘ વિગેરેની વાત ઉપજાવી કાઢેલી સિદ્ધ થાય છે. લોંકાશાહના અને સંઘવીયોના પરિચયને સંગત કરવા માટે તે સમયે વરસાદ ખૂબ પડવાથી સંઘ વધારે રોકાયો એવી કલ્પના ઉભી કરેલ છે તે પણ બીલકુલ ટકી શકતી નથી. કારણકે વરસાદ વધુ પડી રહ્યો હોય તેવા ટાઇમે સંઘની વ્યવસ્થા કરવામાં સંઘવીઓ ઉભા રહે કે હૃદયથી મૂર્તિને પ્રભુ તુલ્ય માનનારા પ્રભુની મૂર્તિના નિંદક પાસે જાય? આ પણ કોઇથી ન કળાય એવો કોયડો છે.

લોંકાશાહની પહેલી મુલાકાત તો તે સંઘવીયોએ કુતુહલથી કરી એમ તો સન્તબાલ પણ કબૂલે છે, પણ તે કયાં ભૂલે છે એ આપણે જોવાનું છે.

જ્યારે સંઘ સેવા જેવું મહત્વનું કાર્ય શિર પર હોય, વળી પ્રભુપૂજાની અનન્ય ધૂન લાગી હોય અને પ્રભુમાર્ગની જાહોજલાલીના માટેજ સંઘ કાઢયો હોય, દરેક શહેરના આગેવાન ગૃહસ્થો તેમના તે મહત્વના કાર્યનું અનુમોદન કરવા તેમના દર્શનાર્થે આવજાવ કરતા હોય તેવાં ટાઇમે મૂર્તિનિષેધકને મળવાનું કુતુહલ થવું તે સર્વથા અસંભવિત છે.

આ વસ્તુ સામાન્ય બુદ્ધિવાલા મનુષ્યથી પણ કોઈરીતે માની શકાય તેવી નથી. વળી સંઘોનું પ્રયાણ પ્રાયે કરી શિયાળાની ઋતુમાં થાય છે. અગર ટુંકી મુસાફરી હોય તો ઉનાળામાં પણ વરસાદ પહેલા કામ પતી જાય તેવી રીતે સંઘ નીકળતા આવ્યા છે અને નીકળે છે, એટલે ખૂબ વરસાદ પડવાની હાંકેલી ખોટી ગપ સમજુ સમાજમાં ચાલી શકે એમ નથી. કદાચ શિયાળાનું માવઠું થાય તો તે સંઘની અગ્ર ગતિને રોકી શકે નહિ. કેમકે માવઠું સામાન્ય અને સ્વલ્પ સમયનું હોય છે. અમદાવાદ એ કાંઇ મદ્રાસ અગર વીલાયત ન હતું કે જ્યાં શિયાળામાં પણ ચોમાસું માલમ પડે. આમ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરતાં લોંકાશાહના મહિમાનો ઉભો કરેલ તાબુત તુટી પડે છે.

વળી સન્તબાલજીએ લખ્યું છે કે સંઘ સાથે યાત્રાર્થે નીકળેલા સૂરિ સમ્રાટ સાધુઓને ખબર મળી ત્યારે તેઓ અંદરો અંદર ખૂબ ધુંધવાયા. અહીં સૂરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમ્રાટ શબ્દ લખવામાં આવ્યો છે તે સન્તબાલના વખતનો શબ્દ છે કે લોંકાશાહના વખતનો છે? જો લોંકાશાહના વખતનો હોય તો તે વખતે કેટલા સૂરિસામ્રાટ્ હતા. અને તેમના કયા કયા નામો હતા તે પણ સાથે લખવાની જરૂર હતી. સૂરિસામ્રાટ્ એ શબ્દ હાલના જમાનાનો સન્તબાલને મોઢે ચઢેલો હોઇ લોંકાશાહના જીવનમાં લખાઈ જાય છે. એજ લોંકાશાહના જીવનને કાલ્પનિક જીવન સિદ્ધ કરવા બસ છે.

સન્તબાલ કલ્પનાની કલમને ઠીક ચલાવી શકે છે પણ કોઈ કોઈ વખત ભીંત ભૂલે છે. જેમ સંઘવીઓના નામો નાગજી શંભુજી, આદિ કલ્પ્યા તેમ સૂરિસામ્રાટોનો પણ રામાચાર્ય, શ્યામાચાર્ય ભામાચાર્ય આદિ સૂરિસામ્રાટો ખૂબ ધુંધવાયા એમ લખ્યું હોત તો કોઇ રોકી શકત નહિ. પરન્તુ સન્તબાલની કલમમાં સ્ખલના પહોંચાડનાર કોઇ ગ્રહ પડયો હોય એમ લાગે છે. જ્યારે સંઘની કલ્પનાજ ખોટી છે તો પછી સૂરિઓનું ધુંધવાવું પણ સિદ્ધ થઇ શકતું નથી. જો સાચો સંઘ, સાચા સંઘવીયો અને સાચા સૂરિમહારાજો હોત તો લોંકાશાહને ઉલી પુછડીએ ભાગવું પડત.

ઓગણીસમી સદીમાં થઇ ગયેલા પંડિત કવિ શ્રીવીરવિજયજી મહારાજે અમદાવાદમાં સ્થાનકવાસીના મોટા આગેવાન રીખોને ભેગા કર્યા હતા અને અધિકારી વર્ગની સમક્ષ તે સર્વેને નિરૂત્તર કર્યા હતા. જેઓ જૈન ધર્મના સૂરીશ્વર ન હતા. તેમના સામે પણ સ્થાનકવાસી સમાજ હારી ગયો તો પછી સંઘમાં આવેલા સૂરિઓમાં બોલવાની શક્તિ ન હતી એમ લખવું તે શિયાળના સામે સિંહને ના હિંમત કહેવા બરાબર છે. અત્યારે પણ કોઇ મોટા શહેરમાં રીતિસર વાદવિવાદ કરવા તૈયાર હો તો અનેક જૈનાચાર્યો તમારી વાદની ચેલેન્જને સ્વીકારવા તયાર છે. છેવટે સન્તબાલે લખ્યું છે કે “સંઘવીયોએ કહ્યુ મહારાજજી વેળાસર ચેતી જાઓ વેશ પહેરવાથી શ્રમણનું પૂજ્યપણું હવે ટકી શકે તેમ નથી. સંઘ ત્યાંથી વિખેરાયો તીર્થયાત્રા તીર્થયાત્રાને ઠેકાણે રહી બધા શ્રાવકો સૂત્રના પ્રચારક થઇ ગયા” ઇત્યાદિ સન્તબાલનું તમામ લખાણ ગગનકુસુમ, ગર્દભશ્રૃંગ અને વન્ધ્યાપુત્રવત્ તદન અર્થ શુન્ય ભાસે છે. માત્ર જનસમુહને મોહ પમાડે તેવી લેખન શૈલી જરૂર છે, પરંતુ તેવી શૈલીના આ જમાનામાં અસત્ય વાર્તા પોષક રસ ભરપુર નોવેલો પણ કયાં ઓછાં હોય છે? પણ સત્યથી વેગળી કલ્પનાઓના કાંટાઓ સત્ય પ્રેમીનાહૃદય માં ભોંકાય છે અને તેથીજ પ્રતિકાર કરવા માટે સમયનો વ્યય કરવો પડે છે છતાં પણ જનસમુહ એવા વાંચનથી અવળે રસ્તે ચઢતા બચી જાય તેટલા પુરતો તો સમય વ્યય સફળ જ છે તેમ માનીનેજ લખાય છે અને લખાશે. (અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહા ચમત્કારિ પ્રભુશ્રી માણિક્યદેવ

(લેખકઃ—ઉ૦ પદ્મવિજયજીગણી)

પ્રાચીન કાલમાં શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વતની ઉપર મહારાજા શ્રી ભરતચક્રવર્ત્તિએ દરેક તીર્થંકરના વર્ણ તથા પ્રમાણ અને સંસ્થાનને અનુસરીને પોતે બંધાવેલા. સિંહનિષદ્યા નામના મહાપ્રસાદને વિષે વર્તમાન ચોવીશીમાં થયેલા ચોવીશે તીર્થંકરોની રત્નમય પ્રતિમાઓ ભરાવીને પધારવી હતી. અવસર્પિણી કાલના પ્રભાવે ભવિષ્યના જીવો આ પર્વત ઘણો ઉંચો હોવાથી આની ઉપર રહેલી આ પૂજ્ય પ્રતિમાઓના દર્શનાદિનો લાભ લેઈ શકશે નહિ. એમ વિચાર કરી તેજ શ્રી ભરતચક્રીએ અલગજ એક ઋષભદેવ પ્રભુની પ્રતિમા લોકો દર્શનાદિનો લાભ મેળવી શકે, એવા ઈરાદાથી નિર્મલ મરકત મણીની ભરાવી. તે પ્રતિમાના ખભાની ઉપર જટાના આકારે વાળનો દેખાવ કરાવ્યો હતો. હોઠની નીચેના ભાગમાં સૂર્યનો અને કપાલમાં ચંદ્રમાનો આકાર કરાવ્યો હતો એથી એ પ્રતિમા 'માણિક્યદેવ' એવા નામથી લોકમાં પ્રસિદ્ધિને પામી.

કેટલોક કાળ વીત્યાબાદ ત્યાં યાત્રા કરવા માટે આવેલા વિદ્યાધરોએ આ પ્રતિમાને જોઈ પ્રતિમાનું દિવ્યરૂપ જોતાં જ મનમાં આશ્ચર્ય પામ્યા. ત્યારબાદ તેઓએ તે પ્રતિમાને વિમાનમાં સ્થાપન કરીને વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણિ કે જ્યાં પોતાનું નિવાસસ્થાન છે, ત્યાં લઈ જઈ મંદિરમાં પધરાવીને અપૂર્વ ઉલ્લાસથી સાત્ત્વિકીપૂજા-વિગેરે અનુષ્ઠાનો કરી માનવ જન્મને સફલ કર્યો. એક વખત ત્યાં ફરતા ફરતા નારદઋષિ આવ્યા. તે પ્રતિમાને જોઈ ને વિદ્યાધરોને પૂછે છે કે તમે આ પ્રાતમા ક્યાંથી લાવ્યા ? જવાબમાં કહ્યું કે અષ્ટાપદ પર્વત ઉપરથી અમે લાવ્યા છીએ. જ્યારથી અમે આ પ્રતિમાની ભક્તિ શરૂ કરી તે દિવસથી માંડીને પ્રતિદિન અમારે સંપત્તિ વધતીજ જાય છે. તે બીના સાંભળીને નારદ ઋષિએ દેવલોકમાં ઈંદ્રની પાસે આ પ્રતીમાનું માહાત્મ્ય વર્ણવ્યું. તે સાંભળી ઇંદ્ર મહારાજા દેવલોકમાં મંગાવીને તે પ્રતીમાની ઘણાજ બહુમાનથી પૂજાભક્તિ કરે છે. એમ આ પ્રતિમા વીસમા શ્રીમુનિસુવ્રતસ્વામિ અને શ્રી નેમીનાથ પ્રભુના આંતરાના ટાઈમ સુધી ઈન્દ્રની પાસે રહી. એ અવસરે લંકા નગરીમાં ત્રણે લોકને કાંટાની જેમ દુઃખી કરનાર રાવણ રાજા રાજ્ય કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે.તેને નિર્મલ સમ્યગ્દૃષ્ટિ મંદોદરી નામની રાણી છે. તેણીએ નારદના મૂખે તે રત્નમયબિંબની પ્રભાવગર્ભિત બીના સુણીને તે પ્રતીમાની પૂજાનો લાભ લેવા અડગ અભિગ્રહ ધારણ કર્યો. આ બીના જાણીને મહારાજા રાવણે ઇંદ્રિને આરાધીને તે પ્રતીમા મેળવી. રાણી મંદોદરીને આપી. રાણી ત્રણે કાલ અપૂર્વ આહ્લાદથી તે પ્રતિમાને પૂજે છે. કેટલોક કાલ વીત્યા બાદ રાવણે સતી શિરોમણિ સીતાને શીલથી ચલાયમાન કરવાને ઘણોજ પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફલ નીવડયો. આ પ્રસંગે નિર્મલ સમ્યગ્દર્શનને ધારણ કરનારી રાણી મંદોદરીએ સ્પષ્ટ જણાવ્યું કે રાજન્ ! પરસ્ત્રીની અભીલાષા પણ કરનાર નીચ આત્માને સાતવાર સાતમી નરકમાં દુઃખો ભોગવવા પડે છે ? "विनाश काले विपरित बुद्धिः" આ ન્યાયને સમજીને જો નિર્દોષ આબાદીને ચાહતા હો તો સતી સીતાને અહીં રાખવામાં લગાર પણ લાભ નથી. તમારા જેવા સમજુ રાજાએ વગર વિચાર્યું કામ નજ કરવું જોઈએ. પરસ્ત્રીને મા બેન સમાન ગણવી જોઈએ. રાણીના આ હિતકારી વચનો રાજા રાવણને રૂચ્યાં નહી. વ્યાજબી જ છે કે ઘણો તાવ આવે ત્યારે ખાવાની રૂચી થાય જ નહી. આ અવસરે શ્રીમાણિક્યદેવ પ્રતિમાના અધીષ્ટાયક દેવે મંદોદરીને કહ્યું કે "થોડાજ સમયમાં લક્ષ્મણના હાથે રાવણનું મરણ અને લંકાનો નાશ થશે." એ દેવવચન સાંભળીને રાણીએ આ પ્રતીમાને લવણ સમુદ્રમાં પધરાવી. ત્યાં દેવો તે બિંબની પૂજા કરતા હતા, દેવવચન ખોટું નજ હોય. અનુક્રમે તે પ્રમાણે રાવણ મરીને નરકમાં ઉપજ્યો, લંકાનો નાશ થયો.

આ અવસરે કર્ણાટક દેશના કલ્યાણ નામના નગરમાં જિનેશ્વર ભગવંતની ઉપર પરમ ભક્તિભાવ રાખનારો શંકર નામનો રાજા રાજ્ય કરે છે. તે નગરમાં ક્રોધિષ્ટ એવા કોઇપણ મીથ્યાદૃષ્ટિ વ્યંતરદેવે મરકીનો ઉપદ્રવ પ્રકટાવ્યો. તે જોઇને રાજા ગભરાયો. આ તેની દુઃખમય સ્થિતિ જોઈને પદ્માવતી દેવીએ રાજાને રાતે સ્વપ્નમાં જણાવ્યું કે. "આ લવણસમુદ્રમાં મહાપ્રભાવક. શ્રી માણિકય પ્રભુ (ઋષભદેવ)ની પ્રતીમા અમુક સ્થલે રહી છે. તે પ્રતીમાને અહીં મંગાવી જો તું પૂજાદિભક્તિ કરીશ, તો જરૂર આ ઉપદ્રવ શાંત થશે" દેવવાણી સાચીજ હોય એમ નિર્ણય કરી રાજા સમુદ્રને કાંઠે જઇ અધિષ્ટાયક દેવને આરાધવા માટે ઉપવાસ કરે છે. જેથી સુસ્થિત નામનો દેવ પ્રકટ થઇ રાજાને કહે છે કે આ સમુદ્રમાંથી તારે જોઈયે એટલાં રત્નો ખુશીથી ગ્રહણ કરજે. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. ઉત્તરમાં રાજાએ નમ્રતાથી કહ્યું કે "મારે રત્નોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જરૂરીયાત નથી. પણ મંદોદરીએ સમુદ્રમાં માણીક્ય પ્રભુની પ્રતીમા પધરાવી છે, એમ પદ્માવતી દેવીના કહેવાથી મને ખબર પડી છે. જો તમે 'भक्तिग्राह्या देवाः' આ વચન પ્રમાણે મારી ઉપર પ્રસન્ન થયા હો તો મારે તે પ્રતીમા જ જોઇયે છે.તે મને આપો" રાજાના આ વચન સાંભળીને દેવે સમુદ્રમાંથી તે પ્રતિમા બહાર કાઢી રાજાને સોંપી અને કહ્યું કે"આ પ્રતીમાના પ્રભાવથી તારી પ્રજા નીરોગી સુખી થશે. લઇ જતાં રસ્તામાં 'પ્રતીમા આવે છે કે નહી' એવા સંશયથી તારે પાછળ જોવું નહી. જો તેમ કરીશ તો જ્યાં પાછળ જોઇશ, તેજ સ્થલે પ્રતીમા સ્થિર થશે. આગળ નહિ ચાલે" આવું દેવનું વચન અંગીકાર કરી સૈન્ય સહિત રાજા પોતાના નગર તરફ ચાલવાની શરૂઆત કરે છે. પાછળ દેવપ્રભાવથી જેને નાના બે બળદ જોડેલા છે એવા ગાડામાં રહેલી પ્રતિમા અનુક્રમે આવે છે. ઘણોખરો વિકટ રસ્તો ઉલ્લંઘ્યા બાદ રાજા મનમાં સંશય પડવાથી વિચારે છે કે પાછળ ગાડામાં રહેલી પ્રતિમા મારી સાથે આવે છે કે નહિં? આવો સંશય તીલંગ દેશમાં જેનું વિદ્વાનો બીજુ નામ દક્ષિણ વાણારસી કહે છે એવા કોલ્લપાક નામના નગરમાં થયો. તેથી શાસનદેવીએ તેજસ્થલે પ્રતિમાને સ્થિર કર્યા. સમજવાની બીના એ છે કે જે અવસરે આ પ્રતિમા કોલ્લપાક નગરમાં આવી. ત્યારથી માંડીને અતીત કાલે. ૧૧૮૦૯૦૫ વર્ષો પહેલાં આ પ્રતીમાજી ઇંદ્રની પાસે હતા. એટલે જે અવસરે આ બીંબ. ઇંદ્રની પાસે હતું. ત્યારથી માંડીને ૧૧૮૦૯૦૫ વર્ષો વીત્યાબાદ કોલ્લપાક નગરમાં શાસન દેવીએ આ બિંબ પધરાવ્યું. જ્યાં બિંબ સ્થિર કર્યું તેજ સ્થલે શંકર રાજાએ વિશાલ પ્રાસાદ બંધાવ્યો. કાયમ તેની પૂજા ચાલુજ રહે એવા ઇરાદાથી ૧૨ ગામો ભેટ આપ્યાં. એટલે તેની ઉપજ પ્રભુબિંબના પૂજાદિ કાર્યમાં વપરાય. પ્રાસાદ બંધાવ્યો તે વખતે ભગવાનનું બિંબ અદ્ધર રહ્યું હતું. વિ૦ સં૦ ૬૮૦ સુધી અને વીર સં૦ ૧૧૫૦ સુધી તે સ્થિતિ બિંબની રહી. પાછળથી અનાર્ય જીવોએ કરેલી આશાતનાદિ કારણથી તે બિંબ સિંહાસનની ઉપર સ્થિર થયું. 'આ મહા તેજસ્વિબિંબને જોતાંજ ભવ્ય જીવોના નેત્રો ઠરે છે. વલી દર્શન કરનાર ભવ્ય જીવોને એવો પણ વિચાર થાય છે કે "શું આ પ્રતિમાજી આરસના કોતરીને બનાવ્યા હશે? કે ખાણમાંથી અહીં લાવ્યા હશે? કે કારીગરે બનાવ્યા હશે? કે વજ્રની હશે કે નીલમણિની બનેલી આ પ્રતિમા હશે!" આમાં શું સમજવું.

આ પ્રતિમાના ન્હવણના પાણીનો એવો પ્રભાવ છે કે દીવો સળગાવતાં ઘી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવું કામ કરે, તેનાથી પણ અધિક તેવું જ કામ ન્હવણનું પાણી કરે છે. એટલે ઘી તેલને બદલે ન્હવણના પાણીથી પણ દીવો સળગાવી શકાય છે. ન્હવણની માટી આંખે બાંધી રાખવાથી આંધળા પણ દેખતા થાય છે. હાલ પણ આ પ્રભાવિક તીર્થના ચૈત્યમંડપમાંથી પાણીના બિંદુઓ ઝરે છે. તેથી યાત્રા કરીને મંડપની બહાર આવેલા યાત્રાળુઓના વસ્ત્રો ભીના દેખાય છે. એથી સાબીત થાય છે કે આ બિંબ મહાચમત્કારિ છે.

સ્નાત્ર જલાદિના પ્રભાવથી સર્પનું પણ ઝેર નાશ પામે છે. વિશેષ તપાસ કરતાં આ બિંબનાજ સંબંધમાં ઉપદેશ તરંગિણીમાં પાનું ૧૪૧ માં "**श्री भरत चक्रिणा स्वांगुलीय पाचिमणिमयी श्री आदिनाथप्रतिमा कारिता, साऽद्यापि देवगिरिदेशे कुल्यपाके माणिक्यस्वामोति प्रसिद्धा**" આ પ્રમાણે બીના મળી આવે છે.

એ પ્રમાણે અનેક જાતના પ્રભાવોથી દેદીપ્યમાન મહાતીર્થ સમાન આ શ્રી માણિકય (આદીશ્વર) દેવની જે ભવ્ય જીવો મહોત્સવપૂર્વક યાત્રા–પૂજા પ્રભાવના કરે કરાવે ને અનુમોદે, તે ભવ્ય જીવો આ ભવમાં અને પરભવમાં સુખ સંપદાને પામે છે. એ પ્રમાણે આચાર્ય શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજે પ્રાકૃતમાં રચેલા માણિકય કલ્પ આદિ ગ્રંથોના આધારે ટુંકામાં શ્રીમાણિક્ય પ્રભુનો ઇતિહાસ વર્ણવ્યો. પરમ પૂજ્ય શાસ્ત્રકાર ભગવંતોએ કર્મના ક્ષયોપશમાદિમાં જે દ્રવ્યાદિ પાંચને કારણરૂપે કહ્યા છે. તેમાં ક્ષેત્રને પણ ગણેલું છે. તેમાં પણ તીર્થક્ષેત્રનો મહિમા તો અલૌકિકજ હોય છે. જેની સેવાથી કર્મનિર્જરાદિ અનેક લાભો અલ્પ સમયમાં મેળવી શકાય છે. બીજો વિચાર એ પણ છે કે શારીરિક શુદ્ધિના અનેક સાધનો હાલ દેખાય છે. તેમ માનસિક શુદ્ધિના પણ અનેક સાધનોમાં તીર્થભૂમિ એ મુખ્ય સાધન કહ્યું છે. બીના જાણ્યા પછી પૂર્ણ આનન્દથી તીર્થની ઉપાસના કરી સંપૂર્ણ લાભ મેળવી શકાય એવા ઇરાદાથી હવે પછી પણ અનેક ઐતિહાસિક બીનાથી ભરેલો મહાપ્રાચીન શ્રી સ્તંભ પાર્શ્વનાથનો ઇતિહાસ જણાવવામાં આવશે.. (સંપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

समीक्षाभ्रमाविष्करण

लेखक—उपाध्याय श्रीमद् लावण्यविजयजी महाराज.

[याने दिगम्बरमतानुयायी अजितकुमार शास्त्रीए "श्वेताम्बर मतसमीक्षा"मां आलेखेल प्रश्ननो प्रत्युत्तर]

क्या साधु चर्मका उपयोग भी करे ?

आ प्रश्नकार लेखक भ्रम जणाववा मांगे छे के जैनश्वेतांबर मुनिओ चर्म वापरी शके छे. कारणके तेमना शास्त्रमां चम वापरवानुं विधान छे. आज वातनी साबीतीमाटे लेखके प्रवचनसारोद्धार ग्रन्थना भाषान्तरनो अमुक भाग आपेल छे. आ भागनी अन्दर पिण्डविशुद्धिनी बृहद्वृत्तिने आधारे संयमनुं संक्षेपथी वर्णन करेल छे.

प्रवचनसारोद्धार नामना ग्रन्थ उपर संस्कृत टीका विद्यमान छे. छतां पण लेखकने भाषान्तर केम पसन्द पडतुं हशे ते विचारणीय छे. आ चालता

'શ્રી જૈન સત્યપ્રકાશ કે લિયે સૂચના'

લેખકને પ્રત્યુત્તર

કોઇ પણ સારા કાર્યને અંગે કરાતી સૂચના સારી છે. એમ સૌ કોઇ માને પરન્તુ તે સૂચના શુભાશય નિઃસ્વાર્થવૃત્તિ અને પરોપકારવાત્સલ્યથી કરાયેલી તેમજ વાસ્તવિક હોવી જોઇએ

તા–૩–૧૧–૩૫ ના જૈનમાં, 'શ્રી જૈન સત્ય પ્રકાશ કે લિયે સૂચના' એ હેડિંગવાળો લેખ દ્રષ્ટિ ગોચર થયો આ લેખક સમ્પાદકને જણાવનારી નીચે પ્રમાણે વર્ણવેલી જોવામાં આવી-વ્યાખ્યાન દિવાકર, વિદ્યાભૂષણ, પંડિત હિરાલાલ દુગડ"

આગલ લેખ વાંચ્યો, તેમાં કરેલ અનેક સૂચના પૈકી બીજી સૂચનાને અંગે બે બોલ લખવા ચિત્ત પ્રેરાયું જેથી જણાવવાનું કે જે-શ્રી જૈન સત્ય પ્રકાશમાં પ્રકાશિત થયેલા અમારા લેખનાં હેડિંગ તરીકે "સમીક્ષાભ્રમાવિષ્કરણ" એવું જે નામ આપવામાં આવેલ છે તે વાસ્તવિક અને વિચાર પૂર્વકજ છે, એમ પ્રથમ પણ અમો માનતા હતા અને હજુ પણ માનીએ છીએ.

"સમીક્ષાભ્રમાવિષ્કરણ" નામની સાર્થકતા

૧ સમીક્ષા–શ્વેતામ્બરમતસમીક્ષા નામની ચોપડી.

૨ ભ્રમ–તેમાં દિગમ્બર લેખકે ફેલાવેલી ભ્રમણાત્મક બીનાઓ

૩ આવિષ્કરણ–તે ભ્રમણામાં ભદ્રિક જીવો ન ફસાઇ જાય તેટલા માટે યથાશક્તિ તે ભ્રમણાનું યુક્તિ પૂર્વક પ્રદર્શન અથવા.

૧ સમીક્ષા દિગમ્બરલેખકે શ્વેતામ્બર મત ઉપર ચલાવેલીવિચારણા

૨ ભ્રમ--આ વિચારણામાં થયેલી તેની ભ્રમણાઓ,

૩ આવિષ્કરણ–ઉપરોક્ત ભ્રમણાનું યુક્તિ પુરસ્સર પ્રદર્શન

અમારા લખાયેલા લેખમાં પણ આજ વિષય છે. કારણકે શ્વેતામ્બરમતસમીક્ષામાં લખેલ તે તે પ્રશ્નને અંગે થયેલ ભ્રમણાઓને યુક્તિપૂર્વક બતાવવામાં આવી છે. લેખકોને કોઇ વિષયની પુષ્ટિને માટે પ્રાસંગિક ચર્ચા ચલાવવી પડે છે, તો પણ વિષય તો જે મુખ્ય હોય તેજ કહી શકાય છે.

ફેર પણ અમો જણાવીએ છીએ કે અમારા લેખનો વિષય અને લેખના હેડિંગનું નામ સંગત છે. એમ અમારી દષ્ટિમાં ભાસે છે. જ્યાંસુધી અસંગતપણું કોઇ ન બતાવે ત્યાં સુધી સંગત છે એમ અમો માનીશું, કોઇ અસંગતપણું બતાવશે અને તે વ્યાજબી હશે તો જરુર ફેરવવા ધ્યાન આપીશું.

ઉપરોક્ત લેખકે અમારા હેડિંગ અને લેખમાં શું વિષયાન્તરપણુ છે તે બતાવવાની જરુરત હતી તેથી કાંતો અમોને નામ ફેરવવાની સમજ પડે અગર લેખકને સમજણ પડત કે અમારી સૂચના અસ્થાને છે. —ઉ૦ લાવણ્ય વિજયજી

प्रश्ननो जवाब आपवामां सयमनुं स्वरूप स्पष्ट करवानी जरुर छे माटे प्रथम तेनो विचार करी लइए, के जेथी आगळ सुगमता पडे

संयम बे प्रकारनो छे, एक जीव संयम अने बीज अजीवसंयम।

पुढवाइयाण जाव य
पंचिंदिय संजमो भवे तेसिं
संघट्टणादि न करे तिविहेणं करणजोएणं ॥१॥

[पृथ्व्यादीनां यावच्च पञ्चेन्द्रियाणां संयमो भवेत्तेषाम्। संघट्टनादि न करोति त्रिविधेन करणयोगेन ॥१॥]

भावार्थ— पृथ्वीकायथी मांडीमे यावत्

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पञ्चेन्द्रिय सुधीना जीवोने मन वचन अने कायाथी संघट्टो विगेरे न करवा न करावचा अने करनारनी अनुमोदना न करवी आनुं नाम जीवसंयम कहेवामां आवे छे अर्थात् कोइपण जीवने कोइ पण जातनी पीडा न थाय तेम वर्तवुं.

बीजो जे अजीवसंयम बताव्यो ते आ प्रमाणे छे

अजीवेहिं जेहिं गहिएहिं
असंजमो इह भणिओ ।
जह पोत्थयदूसपणए
तणपणए चम्मवणए अ ॥२॥
[अजीवेषु येषु गृहीतेषु
असंयमो भणित इह ।
यथा पुस्तकदूष्यपञ्चके
तृणपञ्चके चर्मपञ्चके च ॥२॥]

भावार्थ-अजीव [जीवरहित-अचित्त] एवी जे वस्तु ग्रहण करवाथी असंयम थतो होय अर्थात् चारित्रमां दोष लागतो होय, ते वस्तुने न लेवा तेनुं नाम अजीव संयम कहेवामां आवे छे, आवी अजीव वस्तुओ नीचे प्रमाणे समजवी । पुस्तक पञ्चक, दूष्पञ्चक, तृवापञ्चक अने चर्म-पञ्चक विगेरे ।

आमां प्रथम पुस्तकपञ्चक बताववामां आवेल छे । पुस्तकपञ्चक एटले पांच प्रकारनुं समजवुं । आ पांच प्रकारनुं पुस्तक नीचे प्रमाणे छे-

गंडो १ कच्छवि २ मुट्ठी ३
संवुडफलए ४ तहा छिवाडी ५ य ।
एयं पोत्थयपणगं
पण्णत्तं वीयराएहिं ॥ ३ ॥
[गण्डी कच्छपी मुष्टिः
संपुटफलकं तथा छेदपाटी च ।
एतत्पुस्तकपञ्चकं प्रज्ञप्तं वीतरागैः ॥३॥]

भावार्थ-गंडी, कच्छपी, मुष्टि, संपुट-फलक अने छेदपाटी एम पांच प्रकारनुं पुस्तक वीतरागपरमात्माए बतावेलुं छे ।

बीजुं दूष्यपञ्चक बताववामां आव्युं हतुं । दूष्पञ्चक एटले पांच जातनां वस्त्रो । आ दूष्यपञ्चकना बे भेदो छे, एक तो अप्रत्युपेक्ष्यदूष्यपञ्चक अने बीजु दुष्प्रत्यु-पेक्ष्यदूष्यपञ्चक अप्रत्युपेक्ष्य एटले जेनुं सर्वथा पडिलेहण न थइ शके ते वस्त्र अप्रत्युपेक्ष्य कहेवामां आवे छे। आना पांच भेदो नीचे प्रमाणे छे ।

अप्पडिलेहिअदूसे तूली १
उवहाणगं २ च णायव्वं ।
गंडुवहाणा ३ लिंगिणी ४
मसूरए चेव पोत्तमए ॥ ४ ॥
[अप्रतिलेखितदूष्ये तूली
उपधानकं च ज्ञातव्यम् ।
गण्डोपधानमालिङ्गनी
मसूरकश्चैव पोतमयः ॥ ४ ॥

भावार्थ-तळी, ओशोकुं, गालमसु-रीयुं, आलिङ्गिनी अने मसूरक आ पांच प्रकारनुं अप्रत्युपेक्ष्य वस्त्र होय छे ।

दुष्प्रत्युपेक्ष एटले मुश्केलीथी जेनुं पडिलेहण थइ शके ते दुष्प्रतिपेक्ष्य वस्त्र कहेवामां आवे छे । आ दुष्प्रत्युपेक्ष्य वस्त्रना पांच भेदो नीचे प्रमाणे जाणवा.

पल्हवि १ कोयवि २ पावार ३
नवयए ४ तह य दाढिगाली पय ।
दुप्पडिलेहियदूसे एयं बीयं
भवेपणगं ॥ ५ ॥
[पल्हविः कोयविः प्रावारको नवतकं तथा दृढगालिश्च ।
दुष्प्रतिलेखितदूष्ये एवं द्वितीयं भवेत् पञ्चकम् ॥ ५ ॥]

भावार्थ-पल्हवो, कोयवी, प्रावारक, नवतके अने दृढगाली आ प्रमाणे पांच प्रकारना दुष्प्रतिलेख्य वस्त्रो बतावेलां छे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

त्रीजुं तृणपञ्चक बतावी गया । पांच प्रकारनुं जे घास ते तृणपञ्चक कहेवामां आवे छे। आ पांच प्रकारनु तृण नीचे प्रमाणे जाणवुं ।

तणपणगं पुण भणिय
जिणेहिं कम्मट्ठगंढिदहणेहिं ।
साली १ वीही २ कोद्दव ३
रालग ४ रण्णे तणा इं च ॥ ६ ॥
[तृणपञ्चक पुनर्भणितं जिनैः
कर्माष्टकग्रन्थिदहनैः ।
शालिर्व्रीहिः कोद्रवो रालकोऽरण्ये तृणानि च ॥ ६ ॥]

भावार्थ-आठ कर्म नीग्रन्थीने बाळी नाखनार जिनेश्वर परमात्माए शाली, व्रीहि, कोद्रवा, राळक अने अरण्यतृण. एम पांच प्रकारनुं तृण प्रतिपादन करेल छे ।

चोथु चर्मपञ्चक बताव्युं हतुं । चर्मपञ्चक एटवे पाँच प्रकारनुं चामडु समजवुं । आ पांच भेदो बे रीते बतावबामां आव्या छे देखो नोचेनी गाथा-

अय १ हल २ गावि ३ महिसी ४ मिगाणमजिणं ५ च पंचमं होइ ।
तलिगा १ खल्लग २ वद्धे ३
कोसग ४ कित्ती ५ य बीयंतु ॥७॥
[अजडगोमहिषीमृगाणामजिनं च पञ्चमं भवति ।
तलिका खल्लकं वर्ध्रं कोशकः कृतिश्च द्वितीयं तु ॥ ७ ॥]

भावार्थ—बकरानुं, घेटानुं, गायनुं, भेंसनुं अने मृगलानुं जे चर्म ते चर्मपञ्चक कहेवाय छे। अथवा तळीया, खलको, वाघरी, कोशक अने कृति एम पण चर्मपञ्चक कहेवाय छे ।

उपरोक्त विषयमां सारांश ए छे के संयम बे प्रकारना छे। एक जीवसंयम अने बीजा अजीवसंयम छे। कोइपण जीवने कीलामणा विगेरे न थाय ते रीते जे वर्तवुं तेनुं नाम जीवसंयम कहेवाय छे । आवो अचित्त वस्तुमां चार पञ्चक बताव्या छे । ते चार पञ्चक आ प्रमाणे छे. पुस्तकपञ्चक, वस्त्रपञ्चक, तृणपञ्चक अने चर्मपञ्चक ।

आ चालता प्रश्नमां चर्मपञ्चकनो सम्बन्ध छे । माटे तेनो विचार करीए। प्रवचनसारोद्धारना पाठमां गुरु महाराजे स्पष्ट जणावेल छे के चर्मपञ्चकने वर्जन करवाथी अजीवसंयम थाय छे । अर्थात् चर्मपञ्चकनो त्याग करो, अने त्याग करवाथी एक जातनो संयमगुण प्राप्त थशे ।

आ उपरथी स्पष्ट समजी शकाय तेम छे के जैनश्वेताम्बर शास्त्रकारो चर्म वापरवानो छडेचोक निषेध करे छे. अने जैन श्वेताम्बर मुनिओ चर्म वापरता पण नथी ते पण प्रत्यक्ष जोइए छीए। श्वेताम्बरदर्शननो आज राजमार्ग छे । आटलुं जो लेखके विचार्युं होत तो आ प्रश्नमां उतरवानो जरुरत पडत नहि. परंतु "वॅा दीन कब"। प्रवचनसारोद्धारमां आगळ जतां जणाव्युं छे के, कारणे अर्थात् अपवादमार्गे चर्मपञ्चकने ग्रहण करे तो पण संयम छे। बस आटलुं वाक्य लेखकने मळयुं एटले आनन्दमां पुछवुं शुं, लखवामां शा माटे कचाश राखे।

अमो प्रथम कहीगया छीए अने फेर पण कहीए छीए के, अपवाद विनानो उत्सर्ग होतो नथी । आ वात दिगम्बरोने पण प्रेमपूर्वक मानवी पडी छे, जेना पाठो पण अमो पूर्वे बतावी आव्या छीए। उत्सर्गमार्ग ते राजमार्ग छे, अपवादमार्ग ते कारणिक छे । अपवादमार्गने आश्रयीने मूलमार्गपर कटाक्ष होइ शकतो नथी।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जे जड वस्तु वापरवाथी संयममां हानि पहोंचती होय तेवी अचित्त वस्तुनो त्याग करवो तेनुं नाम अजीव संयम कहेवाय छे.

अवस्थाविशेषमां उत्सर्गमार्ग करतां अपवादमार्ग बलवान् अने कल्याणकारी छे। अपवादमार्गने लायक दशामां पण अपवादनो त्याग करीने उत्सर्गमार्गनेज वळगी रहेवामां आवे तो लाभ करता नुकशान वधारे थई पडे छे। आटलाज माटे दिगम्बर शास्त्रकारोए पण अनेक अपवादो मान्या छे। अने ते पण एवा एवा छे के मूळमार्गनी साथे मोटो विरोध धरावता होय छे। आ बाबतनो थोडो नमूनो तो प्रथम अमो बतावी आव्या छीए, अने फरी पण प्रसङ्गोपात बतावाशे। लेखक उत्सर्ग अने अपवादनी मर्यादा समजी जाय अने अमोने आ लखवाना प्रसंगमां न उतारे ए वधारे इच्छवा जेवुं छे।

आ दिगम्बर लेखके नथी तो कोइ पण एवी उत्तम गुरुगमता मेळवी। अथवा नथी तो श्वेताम्बरोना संस्कृत साहित्यनो तथा प्राकृतनो अभ्यास कर्यो। परंतु भाषान्तरना पुस्तकोनो मोटे भागे आधार लीधो छे; एटलुंज नहि पण भाषान्तरमां पण उंडा उतरीने तथा प्रकारनो विचार करवानो अवकाश मेळवेल होय तेम देखातुं नथी। केवल "मुखमस्तीति वक्तव्यं दशहस्ता हरितकी" आ वाक्यना भावने आगल करीने दीधे राखेल छे। लेखके उछाळेला गपगोळानो एक नमुनो—

'साधु कोसी विशेष समय चमडेकी भी पुस्तक अपने पास रख लेवे। कैसा हास्यकारक विधान है। महाव्रतधारी साधु चमडेकी ओर कोईभी वस्तु नहीं किन्तु पुस्तक जिसमे जिनवाणी अङ्कित होगी अपने पास रक्खे।"

लेखके जेने आधाररूपे मुकेल छे ते प्रवचनसारोद्धारग्रन्थमां कोइ पण ठेकाणे चामडाना पांच जातना पुस्तक सम्बंधी उल्लेख नथी छतां पण गमे ते रीते श्वेताम्बरोनुं वांटी नाखवुं। आवी धूनमां आवा असम्बद्ध लखाणो लखवामां पण लेखकनी कलम विराम पामी नथी।

वात एवी छे के पांच जातनुं पुस्तक अलग छे. लेखकने आवी देखीती वातनो पण ख्याल नहि रहेवाथी पांच जातनुं चामडानुं पुस्तक लखीने हास्यरस लीधो छे।

प्रस्तुतमां चर्मपञ्चक उपयोगी होवाथी तेनो कांइक विस्तारथी विचार करीए। प्रथम बे जातना चर्मपञ्चक बतावी आव्या छीए, जेमां प्रथम चर्मपञ्चकनो अर्थ स्पष्ट छे माटे तेमां विशेष लखवानुं नथी। बीजा चर्मपञ्चकमां प्रथम तलिया मुकेल छे जोडावाचक उपानह विगेरे शब्द नहि मुकतां तळिया शब्द मुकेल छे ते विशेषताए जणावे छे के गृहस्थलोको सामान्य रीते जे जोडा वापरे छे ते लेवाना नथी. परन्तु चामडाना तळीया वाधरीवाळा पगना अंगुठा विगेरेमां भरावीने धारण करी शकाय ते लेवाना छे। बीजा भेदमां खल्लको शब्द मुकेल छे। आ पण पगने रक्षण करनार खोळा जेवा चर्मविशेषने कहे छे. परंतु नहि के सामान्य जोडाने। त्रीजा भेदमां वाधरो बताबी जे तळिया विगेरे तुटेला होय तेने सांधवाना काममां आवे छे। चोथा भेदमां कोशक बतावेल छे, कोशक एटले अंगुठा विगेरेना नख तुटया होय अथवा वाग्युं होय त्यारे दवा लावबानो खातर भरावबाना काममां आवती झोळी। पांचमो भेद कृत्ती बताववामां आवेल छे, कृत्ति एटले पृथ्वीकायादिकना बचावनी खातर उपयोगमां लेवातुं चर्म।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મથુરાકલ્પ

કર્તા-શ્રીમદ્ જિનપ્રભસૂરી

અનુ૦ મુનિ ન્યાયવિજયજી

મથુરામાં વીરબિંબની સ્થાપના-

શત્રુંજયમાં[૬] ઋષભદેવજીને, ગિરનારમાં નેમિનાથજીને, ભરૂચમાં મુનિ સુવ્રત

સુપાર્શ્વનાથજી સાતમા તીર્થંકર છે, તેમનું ચ્યવન જન્મ, દીક્ષા, અને કેવલ એ ચ્યારે કલ્યાણક ભદ્દેની (બનારસ)માં થયેલ છે. અને નિર્વાણ સમ્મેતશિખરજીમાં થયું છે. તેમને થયે અસંખ્ય વર્ષો વ્યતીત થઇ ગયાં છે.

શ્રી પાર્શ્વનાથજી તેવીસમા તીર્થંકર છે. તેમનું ચ્યવન, જન્મ, દીક્ષા, અને કેવલ જ્ઞાન કાશી (વારાણસી)માં શયેલ છે. તેમના પિતાનું નામ અશ્વસેન રાજા, માતાનું નામ વામાદેવી. ઇ. સ. પૂર્વ ૭૭૬માં તેઓ નિર્વાણ પામ્યા છે.

૬ શત્રુંજય તીર્થ

કાઠિયાવાડમાં ભાવનગર સ્ટેટની નજીકમાં પાલીતાણા સ્ટેટ છે. ત્યાં જૈનોનું આ મહાન્ તીર્થ આવેલું છે. જેમાં પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવજી પૂર્વ નવાણુ વાર પધાર્યા હતા અને બાવીશમા તીર્થંકર શ્રીનેમિનાથજી સિવાયના તેવીસ તીર્થંકરો આ પવિત્ર ભૂમિ ઉપર આવ્યા છે, અને અનેક શ્રમણો, મહર્ષિઓ અહિં નિર્વાણ પામ્યા છે. આજે પણ જૈનોનું આ મહાન તીર્થધામ છે. જેના ઉપર ચાર હજાર મંદિરો છે. આ બધાં મંદિરોમાં ઋષભદેવજીનું મંદિર મુખ્ય મનાય છે. પાલીતાણા B S Rનું સ્ટેશન છે અને ત્યાંથી બે માઇલ દુર આ પહાડ આવેલ છે. જેની વ્યવસ્થા હિંદુસ્તાનના જૈનસંઘની મુખ્ય સંસ્થા આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે.

૭ ગીરનાર તીર્થ.

કાઠિયાવાડમાં જુનાગઢસ્ટેટના મુખ્ય શહેર જુનાગઢથી ત્રણ માઇલ દુર આ પહાડ-તીર્થ આવેલું છે. જે પહાડ ઉપર બાવીશમા તિર્થંકર નેમિનાથજી કેવલજ્ઞાન અને નિર્વાણ પામ્યા હતા. તેમજ બીજા પણ અનેક મુનિવરો અહીં મોક્ષે ગયા છે. અહીં આજે પણ જૈનોનાં ગગનચુમ્બી ભવ્ય દેવાલયો વસેલાં છે. તેમાં નેમિનાથજીનું મંદિર મુખ્ય છે. આ સિવાય સંપ્રતિ રાજાનું વિમલમંત્રીનું વસ્તુપાલ તેજપાલનું અને કુમારપાલનાં મંદિરો પણ છે. આ તીર્થની વ્યવસ્થા હિંદુસ્તાનના જૈન સંઘની મુખ્ય સંસ્થા આણંદજી કલ્યાણજીની પેઢીદ્વારા લખમીચંદ દેવચંદની પેઢી કરે છે.

૮ ભરૂચ-ભૃગુકચ્છ.

ગુજરાતના લાટ દેશની મુખ્ય નગરી છે. અહીં વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વામિને, મોઢેરામાં[૯] શ્રી વીરજીનને, મથુરામાં સુપાર્શ્વનાથજી અને પાર્શ્વનાથજીને બે ઘડીમાં નમસ્કાર કરીને સોરઠમાં વિચરીને ગોપાલગિરિમાં જઇ જે અહાર કરે છે અને આમરાજાએ જેમના ચરણકમલની સેવા કરી છે તે બપ્પભટ્ટી[૧૦] સૂરિવરે વિક્રમ સંવત ૮૨૬ માં શ્રી વીર ભગવાનનું બિંબ-પ્રતિમાની સ્થાપના–પ્રતિષ્ઠા કરી છે.–હતી

મથુરામાં બનેલા ભવ્ય પ્રસંગોનું સ્મરણ

અહીં વિશ્વભૂતિ નામે ભગવાન મહાવીર[૧૧]

સ્વામિના સમયથી અશ્વાવબોધ તીર્થ સ્થપાયું છે. તેમાં મુનિસુવ્રત સ્વામિ મૂળનાયકજી છે. કલિકાળ સર્વજ્ઞ આચાર્ય શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યજી મહારાજાના ઉપદેશથી ગુર્જરેશ્વર કુમારપાલ દેવના મંત્રીશ્વર આહડમંત્રીએ અહીં સુંદર મંદિર બંધાવી જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આજે પણ મુનિસુપ્રત સ્વામિનું મંદિર ભરૂચમાં છે ભરૂચ B B C A I R નું સ્ટેશન છે. ત્યાં જૈનોની વસ્તી પણ સારી છે.

૯ મોઢેરા તીર્થ

ગુજરાતમાં આવેલા પાટણ શહેરથી નજીકમાં–પાટણ અને ચાણસ્માની વચમાં આ તીર્થ છે. ત્યાં ભીડભંજન પાર્શ્વનાથ અત્યારે છે. આ પાર્શ્વનાથજીનું તીર્થ કહેવાય છે. ને તેની 'મોઢેરા પાર્શ્વનાથ' તરીકેની ખ્યાતિ છે. પરંતુ મૂલપ્રબંધમાં મોઢેરામાં શ્રીવીરજીન લખ્યું છે તેનો અર્થ એ છે કે બાપભટ્ટીસૂરિજીએ શ્રી મહાવીરસ્વામિની સુંદર પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. જે અહીં પધરાવવામાં આવી હતી. તેમજ બપ્પભટ્ટીસૂરિના ગુરૂ પણ અહીં જ સ્વર્ગે ગયા હતા, પ્રભાવકચરિત્રમાં ઉલ્લેખ મળે છે કે મોઢેરા ગામમાં શ્રી મહાવીરને વંદન કરવા બપ્પભટ્ટીસૂરિજીના ગુરૂજી ગયા છે. એટલે પ્રાચીન **વીરઘાર્થ** હશે.

૧૦ બપ્પભટ્ટીસુરિ અને આમરાજા

બપ્પ ભટ્ટીસુરિ તેમનું ગૃહસ્થાવસ્થાનું નામ **સુરપાલ** પિતાનુ નામ **બપ્પ**, માતાનુ નામ **ભટ્ટી** જન્મ સ્થાન પાંચાલદેશનુ ડુવાતિથી (ધાનેરા પાસેનું કુવા) ગામ હતું. તેમનો જન્મ વિક્રમસંવત્ ૮૦૦માં થયો હતો. ૮૦૭માં મોઢેરક ગચ્છના સિદ્ધસેનસૂરિ પાસે દીક્ષા લીધી, ૮૧૫માં ચૈત્ર વદી ૮મે આચાર્યપદ. તેમને સરસ્વતી સિદ્ધ હતાં આમરાજાને પ્રતિબોધી જૈનશાસનની ખુબ ખુબ પ્રભાવના કરી હતી. ગોપગિરિમાં ૧૦૧ હાથ ઉચું જીન મંદિર આચાર્યશ્રીના ઉપદેશથી રાજાએ બંધાવ્યું હતું. તેમણે આમરાજને, વર્દ્ધનકુંવરને ધર્મરાજને વારૂપતિરાજને પ્રતિબોધ્યા હતા.

આમરાજા કનોજના રાજા યશોવર્માના પુત્ર. આમરાજા ગ્વાલીયર અને કનોજ આદિ દેશનો રાજા હતો, બપ્પભટ્ટી સૂરિનો પરમ મિત્ર હતો, ને તે જૈનધર્મનો મહાપ્રભાવક થયો છે અને જૈન ધર્મ સ્વકારી બપ્પભટ્ટી સૂરિજીના ઉપદેશથી અનેક ધર્મકાર્યો કર્યાં છે તેમનું મૃત્યુ ૮૯૦ના ભાદરવા શુદિ ૫ શુક્રવારે ચિગાનજાતમાં થયું આ માટે વિશેષ જાણવા ઇચ્છનારે પ્રભાવકચરિત્ર ચતુર્વિંશતિ પ્રબંધ વિગેરે ગ્રંથો જોવા.

૧૧ ભગવાન મહાવીર

ભગવાન મહાવીર ઈ. સ. પૂર્વે ૫૨૬ માં નીર્વાણ પામ્યા તેમનું જન્મસ્થાન ક્ષત્રિય કુંડનગર. પિતાનું નામ **સીદ્ધાર્થરાજા** માતાનું નામ **ક્ષત્રિશલાયાણી**, અને તેમનુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવના જીવે અપરિમિત બળવાળા થવાનું નિયાણું કર્યું હતું.[૧૨]

અહીં યમુના[૧૩] નદીના કિનારે વંકયમુન રાજાથી હણાયેલા દંડ અણગારને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું અને જેનો ઉત્સવ કરવા ઇન્દ્ર મહારાજ પધાર્યા હતા.

જીતશત્રુ નરેન્દ્રનો પુત્ર કાલવે[૧૪]

નામ **વર્દ્ધમાનકુમાર** ઇ. સ. પૂર્વે ૫૯૮ મા તેમનો જન્મ. ઇ. સ. પૂર્વે ૫૬૮માં દીક્ષા. ઇ. સ. પૂર્વે ૫૫૬ માં જ્ઞાન અને ૫૨૬માં અપાપાપુરીમાં નિર્વાણ થયું.

૧૨ વિશ્વભુતી

ભગવાન મહાવીરના સત્યાવીશ ભવનો સોલમો ભવ વિશ્વ ભુતિ નામે થયેલ છે. તેમનું એક ક્રોડ વર્ષનું આયુષ્ય હતું યુવરાજ અવસ્થાંમાં તેમણે સમ્ભૂતિ મુનિ પાસે દિક્ષા ગ્રહણ કરી. એક હજાર વર્ષ સુધી ઘોર તપ કર્યું. છેવટે તપસ્યાના પ્રતાપે શરીર દુર્બલ અને શુષ્ક થયું. એકવાર એક મહિનાના ઉપવાસ હતા અને તેને પારણે મથુરામાં ગોચરી ગયા છે તે વખતે તેમને એક ગાયે નીચે પાડી નાખ્યા છે. આ જોઇ ત્યાં પરણવા માટે આવેલા વિશ્વભુતિના પિતરાઇ ભાઇ વિશાખાનંદિએ તેમની મશ્કરી કરી, જેથી વિશ્વભૂતિને ક્રોધ ચઢયો તેથી ગાયને શીંગડા પકડી ઉછાળી અને તે વખતે નિયાણું બાંધ્યું કે આ ઉગ્ર તપના બળે ભવાન્તરમાં હું મહાન્ બલશાળી થાઉં અનુક્રમે ત્યાંથી કાળધર્મ પામી સત્તરમા ભવમાં મહાશુક્રમાં દેવ થયા, અને અઢરમા ભવે મહાન બળશાળી ત્રિપૃષ્ટવાસુદેવ થયા છે. એટલે વિશ્વભૂતિના ભવમાં નિયાણું મથુરામાં કર્યું હતું.

૧૩ યમુનાવક્રરાજા

મથુરામાં યમુન રાજા હતો. ત્યાં યમુનાવક્ર નામનું ઉદ્યાન હતું; એકવાર રાજાએ યમુનાને કિનારે સૈન્યનો પડાવ–ઉતારો રાખ્યો હતો, તે વખતે ત્યાં ધ્યાનમગ્ન દંડ મુનિરાજને જોયા, મુનિરાજને જોતાં તેને ગુસ્સો આવ્યો અને મુનિરાજનો તરવારથી (બીજોરાથી) ઘાત કર્યો. શુકલ ધ્યાન ધ્યાવતાં મુનિરાજને ત્યાં કેવલજ્ઞાન પ્રગટ થયું, ઇદ્રમહારાજે આવી કેવલ મહોત્સવ કર્યો રાજાએ આ જોઇ ઇંદ્રના ડરથી બચવા દીક્ષા લીધી,

આવશ્યક નિર્યુક્તિ પૃ ૬૬૭

૧૪ કાલવેશિમૂનિ

મથુરામાં જીતશત્રુ રાજાને કાલા નામની વેશ્યા પત્નીથી કાલવેશીકુમાર થયો. તેની બ્હેન મુગ્ગશેલ હતી અને જેને હતશત્રુરાજા સાથે પરણાવી હતી, કાલવેશી કુમારે યુવાવસ્થામાં દીક્ષા લીધી. વિહાર કરતાં કરતાં પોતાની બ્હેનની રાજધાનીમાં પહોંચી ગયા. તે વખતે કાલવેશીને હરસ–મસાનું ભયંકર દરદ થયેલું હતું. બ્હેને મુનિને ભિક્ષામાં દવા વ્હોરાવી મુનિએ દવાને અધિકરણ માની અનશન સ્વીકાર્યું. અહીંઆં આ વખતે પૂર્વ ભવના વૈરી વ્યંતર દેવે શીયાળનું રૂપ કરીને મુનિને ઘણા ઉપસર્ગો કર્યા. મુનિરાજે મન વચન મન કાયાની એકાગ્રતાથી નિશ્ચલપણે તે ઉપસર્ગો શાન્તિથી સહન કર્યા.

(ઉત્તરાધ્યયન સૂત્ર અ૦ ૨ સૂ. ૩૩ નિર્યુક્તિગાથા ૧૫૫ પૃ. ૧૨૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

दिगम्बर शास्त्र कैसे बनें ?

२ संघभेद

(गतांकसे चालु)

लेखकः-मुनि दर्शनविजयजी

आचार्यने समय पा कर उस वस्त्र का टुकडा बना कर सब साधुओं को बांट दिया।

बस ? अब पुछना ही क्या था ? शिवभूतिजीके दिलमें साहसिकता उछल आई, उसे अपमान का ख्याल होने लगा। शिवभूतिने आचार्यसे पूछा ? मेरा रत्नकंबल क्यों फाडा ? आचार्यने फरमाया कि—वस्त्र संयमरक्षाके साधन मात्र हैं, उसमें मूर्छा होते ही परिग्रह-दोष माना जाता है, अपने को परिग्रह त्याज्य है। शिवभूतिने क्रुद्ध होकर सुनाया कि-यदि ऐसा ही है, तो में सर्वथा वस्त्रोंको ही छोड दुं।

आचार्यने फरमाया कि—यह मार्ग अब उच्छिन्न है,[२३] जो दृढसंघयनवाला है, सर्वसह है, नौ पूर्वोसे अधिक ज्ञानी है, हाथ में डाले हुए पानी का एक-बून्द भी न गिरे यानी पानीकी शिखा उपर बढती रहे ऐसे लब्धिसंपन्न है वो मुनिजी नंगा रहना चाहे तो गुरुकी आज्ञा से नंगा

---

२३ यहां दिगम्बर लेखकोंको यह दलील है कि-शिवभूतिने नया क्या किया? जो मार्ग विच्छेद हो गया था उसको फिर से प्रचलित किया, इसमें नाविन्यता क्या है ?। परन्तु इसका उत्तर तो बहुत सरल है—महावीरके पश्चात् तीर्थङ्कर पद विच्छेद हुआ, और जम्बूस्वामीसे केवलज्ञानादि दस वस्तु विच्छेद हुई, भद्रबाहु आदिसे पूर्वोका ज्ञान नष्ट हो गया। यह बात तो हमारे दिगम्बर मित्र भी स्वीकार करते है। अगर कोई नवीन मतप्रवर्तक यों कह दें कि—केवलज्ञानादि विच्छेद हुए हैं उनको मैं पुनः प्रवर्तित करता हुं, तो उसका कथन कोई स्वीकार कर सकता है! कहना ही होगा कि नहीं ॥

६—श्वे० म० स० दि० पृष्ट ॥-२६३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

रह सकता हैं। अलावा ऐसा करने से जिन आज्ञाका द्रोह होता है, जिन-शासन की निन्दा होती है। अतः श्री जम्बूस्वामीजी के बाद साधु को नंगा रहना निषिद्ध है। शरीर आहार पुस्तक वस्त्र पीछी पात्र कमण्डलु वगेरह चारित्रके उपकरण (साधन) हैं, उन में मूर्छा हो उठे तो वे सब अधिकरण ही हैं। एवं सर्वज्ञ तीर्थंकर की आज्ञा अपेक्षा प्रधान है।

जैसे एक गुस्सेबाज आदमी उसकी मनमानी मगर नुकसान करनेवाली चीज खाने की मना करने के कारण खुनसमें ही उपवास कर ले. वैसा ही शिवभूतिने किया।

आचार्यने सब कुछ कहा, मगर उसने माना ही नहीं। फलस्वरूप शिवभूतिने वस्त्र छोड दिया ओर वो नंगा बन गया।[२४]

(आवश्यक निर्युक्ति-वृत्ति, उत्तराध्ययन सूत्र-वृत्ति, विशेषावश्यक भाष्य टीका)

अब श्रमणी संघको नंगा रहनेका प्रश्न उठा। शिवभूतिने तुर्त (फोरन) इन्साफ दे दिया कि-जनाना कभी भी नंगी रह सकती नही हैं, अत एव उनको न

२४ विक्रम संवत् १०९में नंगे साधु निकल पडे। मगर ऐसा साहसिकतासे निकाला नवीन मत कहां तक चले? शुरुमें ही "श्रमणीसंघ" खारिज हो गया। अब रहे तीन संघ। बादमें दिगम्बर आचार्य स्वामी वसन्तकीर्तिने मांडवगढमें विक्रम की तेरवी शताब्दीमें आम तोरसे वस्त्र धारण किया (षट् प्राभृत टीका)। माने, श्वेताम्बर पना स्वीकारा। अतः उन समय से ही दिगम्बर साधुपनका खात्मा हो गया। तत्पश्चात् तो दिगम्बर साधु संघकी "भवति विनिपातः शतमुखः" दशा हो गई (दिगम्बर जैन ग्रन्थमालासे प्रकाशित भट्टारक मीमांसा))। शेष रहे दो संघ–१ श्रावकसंघ और २ श्राविकासंघ, एवं विना साधु ही गृहस्थोसे दिगम्बर शासन चला। एकान्तवादी मतकी ऐसी ही शोचनिय दशा होती है।

आज कल कई साधुओंने पुनः दिगम्बर मुनिसंघ बनाया है। मगर उनको शहरप्रवेशकी मना होती है, राजाओं की आज्ञा लेनी पडती है, पोलिसकी टयूरमें केदी–सा चलना पडता है। लोगो दिल्लगी करते हैं, जिनशासनकी निन्दा होती है।

अतः प्रत्यक्ष प्रमाण से भी सिद्ध है कि आचार्य कृष्णाचार्यने शिवभूति को जो उत्तर दिया था वो सचमूच ठीक है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

चारित्र है–न मोक्ष है । इस प्रकार श्रमणी संघ–साध्वी वर्ग को उडा दिया और श्रीसंघके साधु श्रावक व श्राविका एवं तीनों अंगोंको जोड कर "मूल संघ" की स्थापना की । [२५]

एक वात ठीक समजमें आती है कि—जो नयी समाज बनती है वो अपने को प्राचीन बताने के लिए बडी गहरी चेष्टा करती है. अपना नाम भी ऐसा हो झमकीला बना लेती है। देखिए—दयानन्द सरस्वतीके अनुयायीओंने अपना नाम रक्खा "आर्य समाज" माने और सब अनार्य हैं, वैसे ही देवसमाज ब्रह्मसमाज व सनातनी इत्यादि नाम रक्खे गये हैं। दिगम्बरोंने भी अपनी प्राचीनता जचाने को "संघ" शब्द से पहिले "मूल" शब्दकी उपाधि लगा दी। मगर क्या नकली चीजकी कृत्रिमता छुप सकती है? हरगीज नहीं। अस्तु। [२६]

वस्त्र विना पात्रको कैसे समालना? अतः शिवभूतिने पात्र रखना ही उडा दिया, इतना ही नहीं केवलि-भगवान् का आहार–पानी उडा दिया, एवं तीर्थंकरोंका आहार–पानीके त्याग रूप अतिशय भी लिख मारा।

भगवान् महावीर स्वामीने दर्शन–ज्ञान–चारित्ररूप भावलिंगमें मोक्ष फरमाया, शिवभूतिने नंगेपनरूप द्रव्यलिंगमें मोक्ष बताया। भगवानने स्याद्वाद धर्म उपदेशा, इसिने एकान्त–आग्रह मत चलाया। [२७]

---

२५ दिगम्बर सम्प्रदायों के मूलसंघ काष्ठासंघ वगेरह नाम रक्खे गए हैं। उनमें लगाये हुए "संघ" शब्द उनोंकी असली संघसे बहिष्कृतताके ओर हठात् संघ बनने की मनशाके सूचक हैं।

२६ पं० नथुराम प्रेमीजीका मत है कि–"मूलसंघ" नांव सातवीं आठवी शताब्दी पहिलेके कोइ लेखमें प्रतीत नहीं होता, माने वो नाम अर्वाचिन है ॥

—ता० २१–१०–३० को लिखी हरिवंशपुराणकी प्रस्तावना।

२७ कतिपय दिगम्बराचार्योंने तो स्याद्वादकी रक्षानिमित्त वस्त्र धारण के भी विधान किये हैं—

संघो कोवि न तारइ कट्ठो मूलो तहेव निप्पिच्छो।
अप्पा तारइ अप्पा तम्हा अप्पाओ झायव्वो ॥ श्रावकाचारे अमृतचन्द्रः ॥
या मूर्छानामेयं विज्ञातव्यः परिग्रहो ह्येषः
मोहोदयादुदीर्णो मूर्छा तु ममत्वपरिणामः ॥ १ ॥ श्रा० अमृतचन्द्रः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आजीवक मत त्रैराशिक मत व अबद्धिकमतके अनुयायी आज तक भिन्न भिन्न थें, वे सब इसमें शरिक हो गयें. ओर शिवभूति मुनिने भी उन्हींको अपनेमें मिला लिया।

बिखरी हुइ छोटी छोटी जातियां सम्मिलित हो कर एक बनें तब ही चीर-काल पर्यन्त जींदी रह सकती हैं, उन मतोनें भी इस इलमको अपने जीवनमें उतार दिया।

आजीवकमतदर्शक बौद्धप्रमाणो, हलायुधकृत अभिधान रत्नमाला

सम्यक्त्वज्ञानशीलानि तपश्चेतीह सिद्धये
तेषामुपग्रहार्थाय स्मृतं चीवरधारणम् ॥ १ ॥ वा० उमास्वातिः ।
यदौत्सर्गिकमन्यद्वा लिङ्गमुक्तं जिनैः स्त्रियाः
पुंवत्तदिष्यते मृत्यु–काले स्वल्प कृतोपधेः । श्रावकाचारे, आशाधरः ॥
दुविहो जिणेहिं कहिओ जिणकप्पो तहय थविरकप्पो य
सो जिणकप्पो कहिओ उत्तम संहणणधारिस्स ॥ १ ॥ भावसंग्रह ॥

मोक्षाय धर्मसिद्ध्यर्थं शरीरं धार्यते यथा ।
शरीरधारणार्थं च भैक्षग्रहणमिष्यते ॥ १ ॥

तथैवोपग्रहार्थाय पात्रचीवरमिष्यते ।
जिनैरुपग्रहः साधोरिष्यते न परिग्रहः ॥ २ ॥ वा० अश्वसेनः ।
भावे समणो य धीरो, जुवइजण वेढिओ विसुद्धमई ।
णामेण सिवकुमारो, परित्तसंसारिओ जाओ ॥ १ ॥
भावेण होइ णग्गो, बहिरलिंगेण किं च नग्गेण ।
कम्मपयडीयनियरं, णासइ भावेण ण–दव्वेण ॥ २ ॥

॥ प्राभृते कुंदकुंदः ॥

पिच्छे ण हु सम्मत्तं करगहिए चमर मोर डंबरओ ॥
समभावे जिणदिट्ठं, रागाइदोसचत्तेण ॥ १ ॥ ढाढसीगाथा २८ ॥
लिंगं देहाश्रितं दृष्टं, देह एवात्मनो भवः ॥
न मुच्यन्ते भवात्तस्मात्, ते ये लिंगकृताग्रहाः ॥१॥ समाधितंत्रे, पूज्यपादः॥

स्त्रीचारित्र–स्त्रीमुक्तिके भी प्रमाण मिले हैं जिनोंको हम आगे लिखेंगे ॥
इसके उपरांत नीम्न लिखित पाठो भी दिगम्बर शास्त्रोंमें उपलब्ध है—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(रचना सन् ९५० इस्वी), विरंचिपुरमें उत्कीर्ण १३वो शताब्दी का शिलालेख, तामिल साहित्य, तामिल शब्दकोषो, सूत्रकृतांग टीका, दृष्टिवाद अंगका दूसरा सुत्त विभाग के २२ सूत्रोंका वर्णन, और दिगम्बर ग्रन्थ प्रशस्ति[२८] अपने को हठात् मनाते हैं कि—आजीवक त्रिराशिक ओर दिगम्बर ये सभी एक अर्थके सूचक हैं।[२९]

(जैन साहित्य संशोधक वर्ष ३, पुण्याश्रव कथाकोष, नन्दीसूत्र समवायांग सूत्र)

उन्हेंाने एक हो कर "मूलसंघ" की वृद्धिमें जोशिले प्रयत्न किये थें।

शिवभूतिको दो शिष्य थे, १—कुंदकुंद, २ कोट्टवीर। उन दोनोंसे

---

१ मूलाचार परि० १० गाथा १८ में अचेल—कल्पका स्वतंत्र विधान है ? यदि साधुके पांचवे महाव्रतमें वस्त्रोंका निषेध होता तो अचेलकता को भिन्नआचारमें क्यों बताना पडा ?।

यह विधान पाठ आवश्यकनिर्युक्ति गा० १२४६ का अनुकरण मात्र है ॥

२ मूलाचार परिच्छेद १ गाथा १४ में ज्ञानोपधि संयमोपधि और तपउपधि रखने का फरमान है ॥

परिच्छेद ३, गा० ७–११४, प०×गा० १३८, प० १०, गा० २५–४५ में भी साधुओं की उपधिका जिक्र पाया जाता है ॥

३ राजवार्तिक (तत्वार्थ टीका) में "विशेष युक्तोपकरणकांक्षी भिक्षु रुपकरण—बकुशः" पाठसे साधुके उपकरण होना बताया है ॥

४ ज्ञानार्णवमें शय्या—आसन वगेरह मुनियोंके उपकरणकी प्रतिलेखना फरमाई है।

५ तत्वार्थ सूत्र की श्रुतसागरी—टीकामें "कम्बलादिकं गृहित्वा न प्रक्षालंते" इत्यादि वस्त्रों के पाठ हैं। इसके अलावा भगवती आराधनामें भी वो ही कथन है।

६ परमात्मप्रकाश टीकामें लिखा हे कि—"अन्न—पान—संयम शौचज्ञानोपकरण—तृणमय प्रावरणादिकं किमपि गृहणंति, तथापि ममत्वं न करोति ॥

७ दि० आचार्य अमितगति फरमाते हैं ॥

वस्त्र पात्राश्रयादिन्य—पराण्यपि यथोचितं। दातव्यानि विधानेन, रत्नत्रितयवृद्धये ॥

२८ कुन्दकुन्दान्वये ख्याते ख्यातो देशिगणाग्रणीः ॥
बभूव संघाधिपः श्रीमान् पद्मनन्दी त्रि—राशिकः ॥ ४ ॥

२९ प्रोफेसर हीरालालजी दिगम्बर जैन का मत है कि—दिगम्बर और श्वेता-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેરમા સૈકાની એક જિનમૂર્તિના પબાસન ઉપરનો લેખ.

લેખકઃ—સારાભાઇ મણિલાલ નવાબ.

[આર્કિયોલોજીકલ ડીપાર્ટમેન્ટ વડોદરા રાજ્ય.]

ઈ. સ. ૧૯૩૫ના ફેબ્રુઆરી માસમાં વડોદરા રાજ્યના પ્રાચીન શોધખોળ ખાતાના મુખ્ય અધિકારી ડૉ. હીરાનંદ શાસ્ત્રી કે જેઓના હાથ નીચે થોડા સમયથી પ્રાચીન શિલાલેખોની લિપિઓ વગેરે ઉકેલવાનો હું અભ્યાસ કરી રહ્યો છું તેઓ પાટણ શહેરની મુલાકાતે ગયા હતા તે વખતે હાલના પાટણ શહેરની નજીકમાંજ આવેલા પ્રાચીન અણહિલપુર પાટણના ખંડિએરો તરફ જતાં આ પબાસન રસ્તામાં રખડતું તેઓના જોવામાં આવ્યું હતું. આ આખુંએ પબાસન સફેદ આરસપહાણનું છે, તેની લંબાઇ ૨૩ ઇંચ તથા પહોળાઇ ૫ ઇંચની છે. પબાસન બે વિભાગમાં વહેંચાએલું છે. તેના ઉપરના વિભાગમાં સાત આકૃતિઓ કોરી કાઢેલી છે અને સાત આકૃતિઓની નીચેના વિભાગમાં આ પબાસન તથા તેના ઉપરની નાશ પામેલી બારમા તીર્થંકર શ્રીવાસુપુજ્યની પ્રતિમા (જેનો ઉલ્લેખ નીચેના વિભાગના લેખમાં કરેલો છે) બનાવરાવનારા તથા તેની પ્રતિષ્ઠા કરાવનારનો એક લેખ કોતરેલો છે. આ લેખ ત્રણ હારમાં કોતરાએલો છે. તેની પહેલી હારમાં ૩૩, બીજી હારમાં ૩૪ અને ત્રીજી હારમાં ૨૭ અક્ષરો છે. જિનમંદિરોની વિશેષતા તથા જૈનોની વસ્તીનો દિનપરદિન થતો હ્રાસ અને તે પ્રત્યેની બેદરકારીના લીધે આવા તો કેટલાએ લેખોનો નાશ થયો હશે અને થઇ રહ્યો છે. પ્રસ્તુત લેખને આ પ્રમાણે રખડતો જોઇને ડૉ. હીરાનન્દ શાસ્ત્રીએ પોતાની ઓફીસના માણસ મારફતે તે લેવરાવીને વડોદરા સરકારના શોધખોળ ખાતાની ઓફીસમાં લાવીને મુકાવ્યો, અને તે હાલમાં ઓફીસમાંજ છે જેના ઉપરથી આ લેખ મેં તૈયાર કર્યો છે. લેખની ભાષા સંસ્કૃત છે અને તે જૈન દેવનાગરી લિપિમાં કોતરેલા છે.

લેખની અંદર જણાવ્યા પ્રમાણે બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્ય સ્વામીની મૂર્તિની નીચેનું આ પબાસન છે. તેના ઉપરની તીર્થંકરની મૂર્તિ નાશ પામેલી છે. જૈનો ચોવીસ તીર્થંકરોને માને છે, અને તે દરેક તીર્થંકરોની મૂર્તિઓની ઓળખવા માટે તેની પલાંઠી નીચેની બેઠકમાં એકેક ચિન્હ કોતરેલું હોય છે. દરેકના ચિન્હો જુદાંજુદાં છે. બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્ય સ્વામીને ઓળખવાનું ચિન્હ મહિષ–પાડો છે. જેવી રીતે દરેક તીર્થંકરને ઓળખવા માટે એકેકે ચિન્હ હોય છે તેવીજ રીતે દરેક તીર્થંકરના પબાસનની જમણી બાજુએ એકેક યક્ષ અને ડાબી બાજુએ એકેક યક્ષિણી હોય છે, તે પ્રત્યેકના જુદાં જુદાં નામો, સ્વરુપો વગેરે જૈન મૂર્તિવિધાનશાસ્ત્રના ગ્રંથોમાં વર્ણવવામાં આવેલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસ્તુત પબાસનના ઉપરના ભાગની સાત આકૃતિઓમાં પણ જમણી બાજુએ એક યક્ષ તથા ડાબી બાજુએ એક યક્ષિણી કોતરેલી છે. જૈન મૂર્તિવિધાનશાસ્ત્રના વર્ણન પ્રમાણે બારમા તીર્થંકરના યક્ષનું નામ સુરકુમાર છે અને યક્ષિણીનું નામ ચંડા છે. પબાસનમાં ૧. આકૃતિ સુરકુમાર યક્ષની છે. બીજી આકૃતિ સિંહની છે. ૩ આકૃતિ એક હાથીની છે. ૪ આકૃતિ એક દેવની છે. ૫ આકૃતિ હાથીની છે. ૬ આકૃતિ સિંહની છે. અને ૭ આકૃતિ ચંડા યક્ષિણીની છે,

આકૃતિ ૧ : સુરકુમાર યક્ષઃ—

સુરકુમાર યક્ષની આકૃતિ બરાબર સચવાએલી છે. તે ભદ્રાસનની બેઠકે બેઠેલો છે. અત્રે તેના વાહનની રજુઆત શિલ્પીએ કોઈપણ જાતની કરી નથી, તેના હાથ ચાર છે. તે પૈકી ઉપરના જમણા હાથમાં બાણ છે તથા ડાબા હાથમાં ધનુષ છે, વળી નીચેના જમણા હાથમાં માતુલિંગ–બીજોરૂં છે તથા ડાબા હાથમાં કાંઇ સ્પષ્ટ જણાતું નથી. 'નિર્વાણકલિકા' ના મત પ્રમાણે તે હાથમાં નકુલ હોવો જોઇએ.

નિર્વાણકલિકાના મત પ્રમાણે:– તેનો વર્ણ શ્વેત, હંસવાહનાચાર ભુજા, ઉપરના જમણા હાથમાં બાણ તથા ડાબા હાથમાં ધનુષ અને નીચેના હાથમાં બીજોરૂં અને ડાબા હાથમાં નકલ હોવો હોવો જોઇએ.[1]

આકૃતિ ૨. સિંહઃ–

સિંહની આકૃતિના મુખનો ભાગ તુટેલો છે, સિંહનું પુછડું તેની પીઠના ઉપરના ભાગમાં વળેલું છે, દરેક જિનમર્તિના પબાસનમાં આવા જ પ્રકારની સિંહની આકૃતિ મળી આવે છે. આ સિંહની આકૃતિ મૂકવાનો ઉદ્દેશ મને લાગે છે કે તીર્થંકરો પુરુષોને વિષે સિંહ સમાન છે અને કર્મ રૂપી હરણોને હઠાવવામાં બલવાન સિંહ જેવા હોવાથી તે દર્શાવવાનો ઉદ્દેશ શિલ્પીનો હોય એમ લાગે છે અને ઇંદ્ર પણ શક્રસ્તવ વડે પ્રભુની સ્તુતિ કરતાં **पुरुषसीहाणं** શબ્દ વડે તેઓને સંબોધે છે.

આકૃતિ ૩. હાથીઃ–

સિંહની માફક હાથીના આગળના બે પગ અને એક પાછળનો કુલ મળીને ત્રણ પગ સિવાયનો બાકીનો બધો શરીરનો ભાગ તુટેલો છે, સિંહની માફક હાથીની આકૃતિ પણ દરેક પબાસનમાં જિનમૂર્તિની નીચે જોવામાં આવે છે. હાથીની આકૃતિ મૂકવાનો ઉદ્દેશ મને લાગે છે કે તીર્થંકરો પુરુષોને વિષે ઉત્તમ ગંધ હસ્તી જેવા છે તે દર્શાવવાનો શિલ્પીનો આશય હોવાથી હાથીની આકૃતિ મુકવામાં આવતી હશે અને ઇંદ્ર પણ શક્રસ્તવમાં સ્તુતિ કરતાં **पुरुषवरगंधहत्थीणं** શબ્દ વડે તેઓશ્રીને સંબોધે છે.

---

[1] कुमारयक्षं श्वेतवर्णं हंसवाहनं चतुर्भुजं मातुलिङ्गबाणान्वित दक्षिण पाणिं नकुलधनुर्युक्तवामपाणिं चेति ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આકૃતિ ૪. દેવીઃ-

આ આકૃતિ કઈ દેવીની છે તે બરાબર સમજાતી નથી. દેવીને ચાર હાથ છે તે પૈકીના ઉપરના જમણા હાથમાં વીણા જેવું કાંઇક છે ડાબો હાથ તુટી ગયેલો છે નીચેનો જમણો હાથ વરદ મુદ્રાએ છે જ્યારે ડાબા હાથમાં કમંડલુ જેવું કંઇક છે તેના હાથના આયુધોની રજુઆત ઉપરથી તો કદાચ આ દેવી સરસ્વતી હોય તેમ માનવાને અવકાશ કરે છે.

આકૃતિ ૫. હાથીઃ-

આ આકૃતિનો પણ આકૃતિ નં. ૩ ની માફક ત્રણ પગ શિવાયનો શરીરનો સઘળો ભાગ નાશ પામેલો છે.

આકૃતિ ૬. સિંહઃ-

આ આકૃતિનો પણ આકૃતિ નં. ૨ ની માફક મુખનો અને વળી શરીરનો ભાગ કાંઇક વધારે પ્રમાણમાં તુટી ગએલો છે.

આકૃતિ ૭. ચંડા યક્ષિણીઃ-

યક્ષિણીની આકૃતિ બરાબર સચવાએલી નથી, તેણી ભદ્રાસનની બેઠકે બેઠેલી છે, યક્ષની માફક આ આકૃતિમાં પણ કોઇ પણ જાતના વાહનની રજુઆત શિલ્પીએ કરી દેખાતી નથી, દેવીના મુખનો ભાગ નાશ પામ્યો છે, પરંતુ સ્તનયુગલની રજુઆત ઉપરથી આ આકૃતિ સ્રીની જ છે તેમ ખાત્રી થાય છે. તેણીને ચાર હાથ છે, ઉપરના જમણા હાથમાં શક્તિ અને ડાબા હાથમાં ગદા છે તથા નીચેનો જમણો હાથ વરદમુદ્રાએ છે અને ડાબા હાથમાં પુષ્પ છે. આ યક્ષિણીનું વર્ણન નિર્વાણ કલિકામાં નીચે પ્રમાણે મળી આવે છે.

ચંડા યક્ષિણીનો વર્ણ[૨] શ્યામ, અશ્વવાહન, ચાર ભુજા, જમણા બે હાથમાં વરદ અને શક્તિ છે તથા ડાબા બે હાથમાં ગદા અને પુષ્પ છે.

પબાસનની નીચેના વિભાગમાં જે લેખ કોતરેલો છે તેની વચ્ચેનો ધર્મચક્રનો ભાગ નાશ પામ્યો છે.

લેખની અક્ષરશઃ નકલ નીચે પ્રમાણે છેઃ—

પ્રથમ પંક્તિ—

वि. सं. १२९८ वर्षे माघ सुदि १० सोमे पितृ ठ. आसपाल मातृ ठ पथमी देवि श्रेयो-

બીજી પંક્તિ—

२ र्थं पुत्र ठः वयरसो (सीं)हेन पुत्र धणसो (सीं) ह पेथडादि सहितेन श्रीवास (सु) पूज्य प्रतिमा कारि-

ત્રીજી પંક્તિ—

३ ता । प्रतिष्ठिता । श्री सूरिभिः॥ ह ठ ॥ ठ ॥ मंगलंमहाश्रीः ॥ ठ ॥ ठ ॥ शुभं भवतु ॥ ठ ॥ ठ ॥ ठ ॥

ભાવાર્થઃ-વિ સં. ૧૨૯૮ (ઇ. સ. ૧૨૪૧) ના માહ સુદિ ૧૦ સોમવારના દિવસે પિતા ઠક્કુર આસપાલ તથા માતા ઠ. પથમિદેવીના કલ્યાણપુણ્ય નિમિત્તે (તેઓના) પુત્ર ઠ. વયરસીંહે (પોતાના) પુત્ર ધણસીંહ તથા પેથડ વગેરે પરિવાર સહિત (બારમા તીર્થંકર) શ્રીવાસુપૂજ્ય સ્વામીની પ્રતિમા કરાવી અને

---

२ चाण्डदेवीं श्यामवर्णां अश्वारूढां चतुर्भुजां वरदशक्तियुक्त दक्षिणकरां पुष्पगदायुक्त वामपर्णि चेति ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્ય પાસે (તેની) પ્રતિષ્ઠા કરાવી તે કાર્ય મહા મંગલકારી અને શુભને માટે થાઓ.

આ આખીયે પ્રશસ્તિમાં પેથડનું નામ જે આવે છે તે કયો પેથડ હોવો જોઇએ તે આપણે શોધી કાઢવું જોઇએ. પ્રસ્તુત લેખમાં પેથડ મુખ્ય વ્યક્તિ નથી પરંતુ તે ગૌણ વ્યક્તિ તરીકે છે છતાં આ પબાસન વિ. સં. ૧૨૯૮ નું છે અને તે સમયમાં પેથડ નામની ભિન્ન ભિન્ન નામાંકિત વ્યક્તિઓ થઇ ગએલી હોવાથી તે સંબંધી ઉહાપોહ કરવો અત્રે વાસ્તવિક છે.

આ અરસામાં પેથડ નામની ત્રણ પ્રસિદ્ધ વ્યક્તિઓ થએલી જાણવામાં આવી છે.

૧. પેથડ

મહામાત્ય વસ્તુપાલના મોટાભાઇ મલ્લદેવ કે જે યુવાન વયમાંજ મૃત્યુ પામ્યો હતો તેને બે પત્ની નામે લીલાદેવી અને પ્રતાપદેવી નામની હતી. તે પૈકી લીલાદેવીથી પૂર્ણસિહ નામનો પુત્ર થયો હતો. પૂર્ણસિંહને અલ્હણદેવીથી પેથડ નામનો પુત્ર પછી થયો હતો કે જે આબુ ઉપરના દેલવાડાના જિનમંદિરની પ્રતિષ્ઠા સમયે વિદ્યમાન હતો. દેલવાડાના મંદિરની પ્રતિષ્ઠાનો સમય વિ. સં. ૧૨૮૭ થી વિ. સં. ૧૨૯૩ નો છે, અને આ પબાસનના લેખનો સંવત ૧૨૯૮ છે એટલે કે સમકાલીન છે, પરંતુ આ પેથડનો સંબંધ આપણા આ લેખ સાથે કોઇ પણ રીતે મળતો આવતો નથી કારણ કે લેખમાં ઉલ્લેખેલ પેથડના પિતાનું નામ વયરસીંહ તથા માતાનું નામ પથમી દેવિ છે જ્યારે મહામાત્ય વસ્તુપાલના વંશજ પેથડના પિતાનું નામ પૂર્ણસિંહ અને માતાનું નામ અલ્હણાદેવિ છે.

૨. પેથડ

સંડેરકપુરમાં પોતાના ધનવડે પોતાની કુલદેવતા અને વીરસેશ નામના ક્ષેત્રપાલથી સેવાએલ અથવા રક્ષિત મોટું ચૈત્ય કરાવ્યું હતું, સંડેરકપુર (હાલનું સંડેર) પાટણની બહુજ નજીકમાં છે, પરંતુ આ પેથડના પિતાનુ નામ ચંડસિંહ હતું જ્યારે પ્રસ્તુત લેખમાં ઉલ્લેખેલ પેથડના પિતાનું નામ વયરસીંહ ઉલ્લેખેલ છે. વળી આ પેથડને છ નાનાભાઇ હતા. ૧. નરસિંહ ૨ રત્નસિંહ ૩. ચોથમલ ૪. મુંજાલ ૫. વિક્રમસિંહ અને ૬. ધર્મણ નામના હતા.[3] જ્યારે લેખમાં ઉલ્લેખેલ પેથડના ભાઇનું નામ ધણસીંહ હતું તેથી આ પેથડનો પણ કાંઇ સંબંધ લેખમાં ઉલ્લેખેલ પેથડ સાથે હોય એવું લાગતું નથી.

૩. પેથડ

સં. ૧૩૨૦ ની આસપાસમાં ઇતિહાસ પ્રસિદ્ધ માંડવગઢના વતની પેથડકુમારે ભિન્ન ભિન્ન ૮૦ જિનમંદિરો બંધાવ્યાં હતાં. પરંતુ આ પેથડના પિતાનું નામ દેદ હતું તેથી લેખમાં ઉલ્લેખેલ પેથડ આ ત્રણે પેથડ કરતાં જુદીજ વ્યક્તિ છે.

---

૩. 'એક ઐતિહાસીક જૈન પ્રશસ્તિ.' પુરાતત્ત્વ વર્ષ ૧ પા. ૬૮.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવતા અંકનો

ર 卐 સ 卐 થા 卐 ળ

–દિગમ્બરોની ઉત્પત્તિ

આ૦ સાગરાનંદસૂરીશ્વરજી

આગમનું સંદોહન અને અકાટ્ય ઐતિહાસિક સિદ્ધાંતો.

–સંતબાલની વિચારણા

આ૦ વિજયલબ્ધિસૂરીશ્વરજી

લોંકાશાહના અસલી સ્વરૂપને આળેખતો બોલતો જવાબ.

–સ્થંભન પાર્શ્વનાથ

ઉ૦ પદ્મવિજયજી ગણી

ભગવાન્ પાર્શ્વનાથની પ્રતિમાનો ક્રમિક ઈતિહાસ.

–સમીક્ષાભ્રમાવિષ્કરણ

ઉ૦ લાવણ્યવિજયજી ગણિ

દિ૦ પં૦ અજીતપ્રસાદ શાસ્ત્રીના તરંગી વિચારોનો સતર્ક પ્રત્યુત્તર.

–દિગમ્બર શાસ્ત્ર કૈસે બને ?

–જિન–મંદિર

મુનિ દર્શનવિજય

–મથુરા કલ્પ

મુનિ ન્યાયવિજય

મથુરાના ઇતિહાસમાં દીપતા જ્યોતિર્ધરોનો ટુંકો પરિચય.

શ્રીમાન્ સંતબાલજી સે કુછપ્રશ્ન

મુનિ જ્ઞાનસુંદરજી

લોંકાગચ્છ અને સ્થાનકમાર્ગીમતના ભેદો તથા લોંકાગચ્છ સમ્મત મૂર્તિપૂજાનાં પ્રમાણો.

ગતાંકમાં સૂચવેલ કેટલાક લેખો અહીં સ્થાનાભાવે લઇ શક્યા નથી. માગશરનો અંક મેળવવા માટે "વાંચકોને" વાળી સૂચના વાંચો.

For Private And Personal Use Only